# પ્રાચીન સિમાચિન્હ



આશિષ રાયચૂર

મફત વિતરણ માટેજ
ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચ દ્વારા મુદ્રિત અને વિતરિત કરવામાં આવ્યું.
વર્તમાન આવૃત્તિ સંપર્ક: 2022

All People Church & World Outreach,
# 319, 2nd Floor, 7th Main, HRBR layout, 2nd Block,
Kalyan Nagar, Bangalore – 560043, Karnataka, India.

Phone: +91-80-25452617
Email: bookrequest@apcwo.org.
Website: apcwo.org

Unless otherwise indicate, all scripture, quotations are taken from the Holy Bible, New King James Version. Copyright © 1982 by Thomas Nelson, Inc., Used by permission. All Rights reserved.

Biblical definitions, Hebrew and Greek words and their meanings are drawn from the following resources: Thayer's Greek Definitions. Published in 1886, 1889; public domain. Strong's Hebrew and Greek Dictionaries, Strong's Exhaustive Concordance by James Strong, S.T.D., L.L.D. Published in 1890; public domain. Vine's Complete Expository Dictionary of Old and New Testament Words, © 1984, 1996, Thomas Nelson, Inc., Nashville, TN.

નાણાકીય ભાગીદારી:

ઓલ પીપલ્સ ચર્ચના સભ્યો, ભાગીદારો અને મિત્રોની નાણાકીય મદદ દ્વારા આ પ્રકાશનનું મફત વિતરણ શક્ય બન્યું છે. જો તમે આ પુસ્તક દ્વારા આશીર્વાદિત થયા છો તો અમે આપને આ પુસ્તકનાં છાપકામ અને વિતરણ અર્થે નાણાકીય સહકાર માટે આંમત્રીત કરીએ છીએ. કૃપા કરી આ પુસ્તકનાં અંતિમ ભાગમાં આપેલ વેબ સાઇટ એડ્રેસ, apcwo.org, પર સંપર્ક કરી શકો છો. આભાર.

ટપાલ યાદી:

જો આપ આ પુસ્તક કે હવે પછી પ્રકાશિત થનાર પુસ્તકો મેળવવા માગો છો તો કૃપા કરી આપનું નામ, સરનામું અને અન્ય વિગતો Email: bookrequest@apcwo.org પર મોકલી શકો છો.

યહોવા આમ બોલે છે કે, "માર્ગોમાં ઊભા રહીને જુઓ, ને પુરાતન માર્ગોમાં જે ઉત્તમ માર્ગ છે તેની શોધ કરીને તેમાં ચાલો. એટલે તમારા જીવને વિશ્રાંતિ મળશે."

યર્મિયા ૬:૧૬

# સમાવિષ્ટો

1. આપણી આસપાસનું વિશ્વ બદલાઈ રહ્યું છે ........ 1
2. ખ્રિસ્તી ધર્મીઓ મધ્યે બદલાણનો પવન ફૂંકાઈ રહ્યો છે ........ 5
3. પ્રાચીન સીમાચિન્હો કયાં છે? ........ 7
4. આપણાં પ્રાચીન સીમાચિન્હો ........ 12
5. કાર્યસ્થળ માટેના પ્રાચીન સીમાચિન્હો ........ 19
6. સમર્પણ માટે તેડું ........ 28

1

# આપણી આસપાસનું વિશ્વ બદલાઈ રહ્યું છે

“પ્રાચીન સીમાચિન્હો” એ એક સંદેશ છે જે કેટલાક સમયથી મારા હ્રદયમાં હતો, જે હવે હું આપની સમક્ષ આ પુસ્તકનાં સ્વરૂપમાં મૂકું છું. આ એ પ્રકારનો સંદેશો છે જે સામાન્ય રીતે, રિલે રેસમાં એક રમતવીર તેનો બેટન(દંડૂકો) બીજાને આપે છે જેથી પોતાની ટીમ સ્પર્ધામાં આગળ વધી શકે, તે રીતે, હું જ્યાથી સ્પર્ધામાથી બહાર નીકળું ત્યાથી નવી પેઢી તેને આગળ ધપાવી શકે તે પ્રમાણે હું મારા આખરી સંદેશા તરીકે આપતો હોઉ છું. આ સંદેશો સામાન્ય રીતે બેંગલોર જેવા મોટા શહેરોની પરિસ્થિતિને વધુ લાગુ પડે છે અને આપણાં દેશના નાના શહેરો અને ગામડાઓના વાચકો માટે તરત જ સુસંગત ન લાગે.

## આપણી જીવનશૈલીમાં થતાં ફેરફારો

જો આપણે વયસ્કો (૨૫+ની ઉંમર) અને સહસ્ત્રાબ્દી પેઢી (૧૯૮૪ થી ૨૦૦૧ ની વચ્ચે જન્મેલા) વચ્ચે સરખામણી કરીએ તો, આપણે એવી ઘણી બધી વિરોધાભાસી બાબતોની યાદી બનાવી શકીએ કે જે વિશ્વમાં આપણે જીવી રહ્યાં છીએ:

- દૂરદર્શન-એક જ ચેનલ સાથે બ્લેક એન્ડ વ્હાઇટ ટી.વી. હતું. આજની પેઢી પોગો, એન.બી.સી., એમ.ટી.વી., સ્ટાર વર્લ્ડ, વિગેરે સાથે ઉછરી રહી છે. વિશ્વ મીડિયા બદલાઈ રહ્યું છે. આજની પેઢી મીડિયા આધારે ખીલી રહી છે.
- આપણે (૨૫+ની ઉંમર) દસ્તાવેજોના થોથા સાથે મોટા થયા. આજની પેઢી ડીવીડી, એમપી૪ પ્લેયર્સ અને આઈપોડ સાથે ઉછરી છે. તેઓમાના ઘણાઓએ દસ્તાવેજી થોથા જોયા પણ નથી. આપણે (૨૫+ની ઉંમર) એમ્બેસેડર, પ્રીમીયર પદ્મિની, મારુતિ, ટાટા,

બિરલા સાથે મોટા થયા. આજની પેઢી હોન્ડા, ટોયોટા, બીએમડબલ્યુ, માઈક્રોસોફ્ટ, આઇબીએમ, ગૂગલ વિગેરે સાથે મોટી થઈ છે.

- આપણે (૨૫+ની ઉંમર) થમ્સઅપ, બાજલ અને ફેંટા પીધી છે. આજની પેઢીએ કોક, ડાયેટ કોક અને પેપ્સી પીધી છે.
- આપણે (૨૫+ની ઉંમર) સામાન્ય ધાબા જેવી હોટલ પર ચા પીતા, આજની પેઢી કેફે કોફી ડેમાં કોફી પીવે છે.
- આપણે (૨૫+ની ઉંમર) ટેલિફોનના સાદા ડબલા સાથે ગર્વ અનુભવતા હતા, આપણાં પડોસીઓ પણ ક્યારેક આપણાં ડબલાવાળા ટેલિફોનનો ઉપયોગ કરવા આપણી મુલાકાત લેતા. આજની પેઢી પાસે ટચ સ્ક્રીનવાળા સ્માર્ટ મોબાઈલ છે. આજની પેઢીના ઘણાઓએ તો સાદા ડબલા પરથી ડાઈલ પણ કર્યું નહીં હોય, અને કદાચ કરશે પણ નહીં!
- હું કોલેજમાં આવ્યો ત્યાં સુધી મને કમ્પ્યુટર પર કામ કરવા મળ્યું નહિ, અને જ્યારે હું ૨૦ વર્ષનો થયો ત્યારે પહેલીવાર ખુબ પરિશ્રમ કરીને માંડ પાવરપોઇંટ પ્રેઝેંટેશન બનાવી શક્યો. મારો દીકરો, જોશુઆ, દસ વર્ષની ઉંમરે એમપી૪ પર મ્યુઝિક ડાઉનલોડ કરીને સેવ કરીને, ગૂગલ પર સર્ચ કરીને, વિકિપેડિયા પર રીસર્ચ કરીને એનિમેટેડ પાવરપોઇંટ પ્રેઝેંટેશન બનાવી શક્યો. મારી દીકરી, રૂથ, સાત વર્ષની ઉંમરે તેના ભાઈ પાસેથી શીખવામાં જરાપણ પાછળ નથી!
- જ્યારે આપણે (૨૫+ની ઉંમર) રમતા, ત્યારે આપણાં મિત્રો આપણી ગલી કે ફળિયા પૂરતા સીમિત હતા. આજની પેઢી ત્વરિત સંદેશાની સુવિધાઓ, ફેશબૂક, ઇન્સ્ટાગ્રામ, ટ્વિટર, વિગેરે દ્વારા વિશ્વ સમુદાય સાથે ઓનલાઈન જોડાઈ શકે છે. તેઓ વિશ્વભરના તેઓના મિત્રો સાથે ગમે ત્યારે ઓનલાઈન રમત રમી શકે કે સંદેશની આપ-લે કરી શકે છે.

આપણાં બાળકો તથા કિશોરો જે વિશ્વમાં ઉછરી રહ્યાં છે-જેમાં આપણે (૨૫+ની ઉંમર) પણ આજે છીએ, એ વિશ્વ આપણે જેમાં ઉછરીને મોટા થયાં તે કરતાં તદ્દન વિભિન્ન છે. બાળકો અને કિશોરો આ બદલાતા વિશ્વના, જેમાં તેઓ રહી રહ્યાં છે અને ઉછરી રહ્યાં છે, તેના તેઓ સ્થાનિક રહેવાસીઓ છે, આપણે (૨૫+ની ઉંમર) આ નવા વિશ્વમાં નિરાશ્રિત બનીએ આવ્યા છીએ.

# આપણાં શહેરમાં થતાં ફેરફારો

## મહેનતાણું

પહેલા, સાડા પાંચ વર્ષના ઘનિષ્ઠ અભ્યાસ અને બીજા થોડા વર્ષો અનુસ્તાક કર્યા પછી, એક ડૉક્ટર શરૂઆતમાં કદાચ ૩૦૦૦ રૂપિયા કમાઇ શકતા. હવે, કોલેજનો અધૂરો અભ્યાસ છોડીને કોલ સેન્ટરમાં કામ કરનાર કોઇ વ્યક્તિ ૧૫૦૦૦ રૂપિયા કમાઇ શકે છે!

## સુપર માર્કેટથી સુપર મોલ

આપણી પેઢી દરમ્યાન, આપણે સામાન્યપણે સ્થાનિક સુપરમાર્કેટમાથી ખરીદી કરતાં હતા કે જે વિષે વધુ કઇ કહેવાની જરૂર નથી. કોઇ વાતાનુકૂલિત સિસ્ટમ નહીં, સ્વયં ચલિત પગથિયાં નહીં, મોટા મકાનો નહીં. આજે આપણાં શહેરોમાં વાતાનુકૂલિત સિસ્ટમ સાથેના, બહુમાળી મકાનો ધરાવતા, આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ સાથેના સુપરમોલ જોઇ શકીએ છીએ.

આ સર્વ ઉપરાંત વિશેષ કરીને, આપણે જીવનશૈલીમાં, વિચારધારામાં, અને બીજી ઘણી બાબતોમાં આપણે અસંખ્ય ફેરફારો જોઈએ છીએ.

# વિશ્વદર્શનમાં ફેરફારો: આધુનિકતાવાદ અને આધુનિક્તાવાદ પછી

સમાજશાસ્ત્રીઓ જણાવે છે કે પાછલા ૪૦ વર્ષોમાં, અને છેલ્લા એક દાયકા દરમ્યાન, સંસ્કૃતિ કે વિશ્વદર્શન, વિશ્વ "આધુનિકતા" થી "આધુનિકતા પછી"ના યુગની વિચારધારા તરફ બદલાઇ રહ્યું છે કે બદલાઇ ગયું છે. આપણે મોટાભાગના "આધુનિક" વિશ્વમાં મોટા થયા છીએ. જ્યારે આપણાં બાળકો અને કિશોરો "આધુનિકતા પછી"ના વિશ્વદર્શનમાં ઉછરી રહ્યાં છે.

## આધુનિકતા

આધુનિકતા સ્પષ્ટિકરણ સાથે શરૂ થયું. વૈજ્ઞાનિક રીત તેના માટે નિયમ હતો. એવું માની લેવામાં આવ્યું હતું કે વિજ્ઞાન અને બુદ્ધિચાતુર્ય વડે પ્રમાણિક્તા, વિશ્વના પ્રશ્નો ઉકેલી દેવામાં આવશે. સત્ય તે માટેનો ઉદ્દેશ હતો. સત્ય પોતે જ પૂરાવો હતો. બધી બાબતો લેખિતમાં બહુ સ્પષ્ટ હતી. વ્યક્તિવાદ અને સ્વકેંદ્રિત ભાવના આધુનિકતાની નબળી બાજુ હતી.

## આધુનિકતાવાદ પછી

કારણ નહીં, પણ સાપેક્ષતા નિયમ છે. “તથ્યો નથી, માત્ર ખુલાસાઓ છે” (Friedrich Nietzsche). નૈતિક્તા એ સુસંગત બાબત છે. કેવી રીતે જીવવું છે તે અંગેના તમારા નૈતિક ધોરણો (નિયમો) તમે જાતે જ નક્કી કરો. વિચારોની અભિવ્યક્તિ માટે તમે સ્વતંત્ર છો, કોઈ તમને કહી શકે નહિ કે તમે ખોટા છો. વ્યક્તિગત અનુભવો પ્રાયોગિક પૂરવાની તાકાત અને સત્યના ઉદ્દેશને બિનઅસરકારક બનાવે છે. સત્ય સાથે સમાધાન થતું હોય અને સત્ય મરડાતું હોય તો પણ ચૂપ રહેવું એ જાણે કે રીત બની જાય છે. તમને ગમે તેવા ઈશ્વર તમે બનાવો છો.

આપણાં બાળકો અને કિશોરો પડકારજનક વિશ્વમાં ઉછરી રહ્યાં છે. તેઓની પાસે પસંદગી કરવા, જીવનમાં ખુબ જ અગત્યની બાબતો વિષે પણ, જેમ કે માન્યતાઓ, મૂલ્યો, જીવનશૈલી માટે ઘણાં બધાં વિકલ્પો છે.

2

# ખ્રિસ્તી ધર્મીઓ મધ્યે બદલાણનો પવન ફૂંકાઈ રહ્યો છે

## ભક્તિસભા સંચાલનની પદ્ધતિમાં ફેરફાર

ખ્રિસ્તી ધર્મમાં આપણે ઘણાં બધાં ફેરફારો જોયાં છે. દાખલા તરીકે, રંગીન કાચના મકાનોમાથી, પાકા મકાનોમાં, તેમાથી વાતાનુકૂલિત ઓડિટોરિમમાં, ત્યાથી કન્વેન્શન સેન્ટરમાં. જે ગીતો ગાઈએ છીએ તેમાં, આપણે જોડકણાથી, શ્લોક અને તેમાથી સમકાલીન સ્તુતિ આરાધનાના ગીતોમાં પરિવર્તિત થયા છીએ. આપણે ભજનસંગ્રહથી તૈયાર ગીતોની ચોપડીથી ઓવરહેડ પ્રોજેક્ટર, તેમાંથી એલસીડી પ્રોજેક્ટર, ત્યાંથી દીવાલ પર એલસીડી વડે મોટા પડદા સુધી પહોંચી ગયા છીએ. ભક્તિસભામાં ખ્રિસ્તી નાટકો, સ્કીટો, સંગીતથી આપણે ખ્રિસ્તી વિડીયો અને ટૂંકી ફિલ્મો સુધી રજૂઆત કરતાં થયા છીએ.

## સંદેશોના મૂળભૂત અર્થમાં ફેરફાર

હકારાત્મક પાસું જોઈએ તો, દેવનાં વચનના જ્ઞાનમાં ઉત્તરોત્તર વધારો થતાં આપણે જોઈએ છીએ. ૧૪૦૦ની સદીમાં માર્ટિન લ્યુથર દ્વારા કરવામાં આવેલ સુધારાથી શરૂઆત કરતાં, અને વિશેષ કરીને છેલ્લા ૫૦ વર્ષોમાં, આપણે ઘણાં બધાં આગળ વધી ગયા છીએ. દેવનું વચન જીવનના દરેક તબકાને સુસંગત બનાવવામાં આવી રહ્યું છે. અને છતાં વિશ્વભરની મંડળીઓમાં ભયંકર બાબતો બની રહી છે. પાળકો અને સેવકો, મોટા ટોળાઓને આકર્ષવા અને પકડી રાખવા માટે, આધુનિકતા પછીની માનસિકતા સાથે, સારું લાગે તેવા સંદેશા આપીને, રવિવારની સવારના કહેવાતા પ્રેરણાત્મક ભાષણો વડે દેવનાં વચનોને કાલ્પનિક રીતે રજૂ કરે છે. આ રીતે આપવામાં આવતા સંદેશા, કોઈપણ રીતે બેધારી તરવાર, હથોડારૂપી વચન, અગ્નિરૂપી સંદેશો જરાપણ નથી હોતા તે તો જીવને આનંદ આપતા અને જૂઠાને સગવડભર્યું રક્ષણ આપતા સંદેશા માત્ર જ છે! આ પ્રકારના સંદેશા પાપનો મુકાબલો કરાવતા નથી કે લોકોને પાપની કબૂલાત કરવા પ્રેરણા પણ આપતા નથી. આ પ્રકારના

સંદેશા સ્વર્ગ અને નર્કની વાસ્તવિક્તા અંગે કોઈ વાત કરતાં નથી. પાળકો અને સેવકોએ ટોળાઓને ખુશ કરવાની રમત છોડીને આ પ્રકારના સંદેશા આપવાનું બંધ કરી દેવું જોઈએ.

## સંદેશાની રજૂઆતમાં ફેરફાર

આપણે જે માહિતિયુગમાં છીએ, તે આજની પેઢીને સામાન્ય લોકોથી બે રીતે અલગ તારવે છે:

- તેઓને માત્ર સાંભળવામાં જ રસ નથી: તેઓને તેમની સમજણ સાથે તેમાં સહભાગી થવું છે. તેઓને ભાષણ નથી જોઈતું પણ એવા પરિણામમાં રસ છે જે જીવન પરીવર્તન કરે.
- વ્યંગાત્મક રીતે, વધતી જતી માહિતી અને જ્ઞાન સાથે, આપણે જોઈએ છીએ છીએ ધ્યાન કેન્દ્રિત કરવાનો સમયગાળો ઘટતો જાય છે!

હકારાત્મક પાસું જોતાં, આપણે સંખ્યામાં વધતી જતી મંડળીઓ અને સેવકોને જોઈએ છીએ કે જેઓ એક રીતે સનાતન સત્ય રજૂ કરે છે જે બધી સમજણને આવરી લે છે અને રૂપાંતરણનો અનુભવ પેદા કરે છે. આ બાબતમાં ટેક્નોલોજી અને સર્જનાત્મક્તા ખૂબ મોટો ભાગ ભજવે છે. આ બધુ જ સારું થઈ રહ્યું છે. અને છતાં, બીજી બાજુ, બાબતને સર્જનાત્મકતાથી રજૂ કરવા પર એટલો બધો ભાર મૂકવામાં આવે છે કે આપણે કેટલાક પ્રાચીન સીમાચિન્હો જેવા કે "પવિત્ર આત્માનું સામર્થ્ય" અને અલૌકિક નિદર્શન સમાન ચમત્કારો, ચિન્હો, આશ્ચર્યો જેવા ઈશ્વરદત્ત અભિગમને ગુમાવી દઈએ છીએ. અંતે આપણે એવી ભક્તિસભા પૂર્ણ કરીએ છીએ જે હજારો આનંદ પ્રમોદ કરવા આવે છે તેમના જીવને મનોરંજન પૂરું પાડે છે, પરંતુ તેઓને પવિત્ર આત્માના અલૌકિક સામર્થ્ય વડે મળતા રૂપાંતરણ, સાજાપણું, અને આશીર્વાદોથી વંચિત રાખે છે. આપણે દેવના દીક્ષિત સેવકો, પ્રબોધકો, પાળકો, શિક્ષકો અને સુવાર્તિકોને આપણું પુલપીટ આપવાને બદલે ઈવેન્ટ મેનેજરો, આનંદ કરાવનારાઓ, સંગીતકારો, નાટ્ય કલાકારોના પ્રભાવમાં આવીને તેમને પુલપીટ આપવાનું જોખમ ઉઠાવીએ છીએ.

# 3

# પ્રાચીન સીમાચિન્હો કયાં છે?

**નીતિવચનો 22:28**
**તારા પિતૃઓએ જે અસલનાં બાણ નક્કી કર્યાં છે, તેને ન ખસેડ.**

**નીતિવચનો 23:10**
**અસલનાં બાણ ન ખસેડ; અને અનાથના ખેતરોમાં પ્રવેશ ન કર.**

જોન ગિલના સમગ્ર બાઈબલના અધ્યયનના મંતવ્ય મુજબ, "પ્રાચીન સીમાચિન્હો" એ "અસલનાં બાણ" કે "સરહદ" ના સંદર્ભમાં છે, જેના દ્વારા જમીન, મિલકત કે વારસાને અંકિત કરવામાં, બાંધવામાં, નક્કી કરવામાં આવ્યા હતા, પૂર્વજો દ્વારા તેમના પડોસીઓ સાથે કરારથી સ્થાપિત કરવામાં આવ્યા હતા; જેને ખસેડવું એ કાયદાની વિરૂદ્ધનું કામ હતું, જે એવું કરે તેને શાપ આપવામાં આવ્યો હતો, અને તે જમાનામાં આ પ્રકારના કૃત્યને ઘૃણાસ્પદ ગુનો માનવામાં આવતો હતો; રોમન લોકોમાં આ ક્રિયાને એટલી પવિત્ર ગણવામાં આવતી હતી કે તેઓ તે સીમાચિન્હો પર દેવોને સ્થાપિત કરતાં અને તે પરથી તેઓના નામ રાખતા હતા.

**પુનર્નિયમ 19:14**
**જે દેશ યહોવા તારો દેવ તને વતનને સારુ આપે છે, તેમાં જે વતનનો વારસો તને મળે તેમાં તારા પડોશીનું જે બાણ અસલનાં વખતમાં લોકોએ ઠરાવ્યું હોય તે તારે ખસેડવું નહિ.**

**પુનર્નિયમ 27:17**
**જે પોતાના પડોશીની જમીનનું બાણ ખસેડે તે શાપિત હો, ત્યારે સર્વ લોકો કહે, આમીન.**

**હોશિયા 5:10**
**યહૂદીયાના સરદારો બાણ ખસેડનારાઓના જેવા છે; હું મારો કોપ પાણીની પેઠે તેઓ પર રેડીશ.**

આગેવાનો જાતે જ પ્રાચીન સીમાચિન્હો ખસેડવાના ગુનેગાર હતા અને તેઓએ દેવના કોપના ભોગ બનવું પડ્યું. આપણે જ્યારે જાણીએ છીએ કે "પ્રાચીન સીમાચિન્હો" શબ્દ અને અગાઉ દર્શાવેલ બાઈબલના વચનો એ ખરેખર જમીન કે મિલકતની હદ નક્કી કરવાના સંદર્ભમાં લખવામાં આવી છે. હું આ બાબતને અધ્યાત્મિક રીતે લઈને તેનો આ પુસ્તકની પૃષ્ઠભૂમિ તરીકે ઉપયોગ કરવા માંગુ છું.

પ્રાચીન સીમાચિન્હો એ અગાઉની પેઢીના લોકો દ્વારા હદ સુનિશ્ચિત કરવા માટે સ્થાપિત કરાયા છે જે સૂચવે છે કે:

- હદની અંદર ચાલીશુ તો સલામત છીએ અને હદની બહાર ચાલવું સલામત નથી.
- શક્ય છે કે કોઈ છળકપટ તમને હદની બહારના વિસ્તારમાં લઈ જાય.

આ બદલાતા વિશ્વમાં, આપણે એ યાદ રાખવું જ પડશે કે પ્રાચીન સીમાચિન્હોને આપણે ખસેડવાના નથી. પવિત્ર સરહદોને આપણે ઓળંગવાની નથી. દેવ દ્વારા સ્થાપિત પ્રણાલિકાઓને આપણે ત્યજી દેવાની નથી.

## દેવ દ્વારા સ્થાપિત પ્રણાલિકાઓને આપણે ત્યજી દેવાની નથી.

એ સત્ય છે કે કેટલીક પ્રણાલિકાઓ માણસો દ્વારા બનાવવામાં આવી છે જે અર્થવિહીન છે કે જેને તોડી નાખવી જોઈએ, પણ જે પ્રણાલિકાઓ, દેવ દ્વારા, બાઇબલ આધારિત છે જેની જાળવણી થવી જ જોઈએ. તે પ્રણાલિકાઓને સમયનો પાબંધ નથી.

### માનવ નિર્મિત પ્રણાલિકાઓ

માનવ નિર્મિત પ્રણાલિકાઓ તોડી નાખવા માટે આપણને છૂટ છે જે ઈશ્વર સાથેના આપણાં જીવનમાં કોઈ રીતે ફાયદારૂપ નથી. માનવ નિર્મિત પ્રણાલિકાઓ આપણાં જીવનોમાથી દેવના વચનને નષ્ટ કરે છે અને આપણને છળકપટ અને બંધનના માર્ગે દોરે છે.

**માર્ક 7:13**
**અને એમ કરીને તમારા શીખવેલા સંપ્રદાય વડે તમે દેવનું વચન રદ કરો છો; અને એવા ઘણા કામો તમે કરો છો.**

**ક્લોસ્સી 2:8**
**સાવધાન રહો, રખેને ફિલસૂફીનો ખાલી આડંબર જે ખ્રિસ્ત પ્રમાણે નહિ, પણ માણસોના સંપ્રદાય પ્રમાણે ને જગતના તત્વો પ્રમાણે છે, તેથી કોઇ તમને ફસાવે.**

## દેવ દ્વારા સ્થાપિત પ્રણાલિકાઓ

જોકે, આપણે એ પણ સમજવું પડશે કે જે પ્રણાલિકાઓ દેવ દ્વારા સ્થાપિત છે તેને આપણે જાળવી રાખવી પડશે.

**1 લો કરીન્થિ 11:2**
**વળી તમે સર્વ બાબતોમાં મારૂ સ્મરણ કરો છો, અને જેમ મેં તમને વિધિઓ સોંપ્યા, તેમ જ તમે તે દ્રધ્ધતાથી પાળ્યા કરો છો, માટે હું તમારા વખાણ કરું છું.**

**2 જો થેસ્સાલોની 2:15**
**માટે, ભાઈઓ, દ્રધ્ધ રહો, અને જે શિક્ષણ તમને વચનદ્વારા કે અમારા પત્રદ્વારા મળ્યું છે તેને વળગી રહો.**

**2 જો થેસ્સાલોની 3:6**
**હવે, ભાઈઓ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તને નામે અમે તમને આજ્ઞા કરીએ છીએ કે, જે કોઇ આડો ચાલે છે, અને અમે આપેલા શિક્ષણ પ્રમાણે ચાલતો નથી, તેનાથી તમે અલગ રહો.**

## સુસંગતતામાં રહેવું

આપણે સ્થાપિત પ્રાચીન સીમાચિન્હોની જાળવણી કરવાની છે, પવિત્ર સરહદોને ઓળંગવાની નથી, અને દેવ દ્વારા સ્થાપિત પ્રણાલિકાઓને ગુમાવવાની નથી આ બાબતોને બરાબર સમજી લીધા પછી, આપણે હવે એક રસપ્રદ મુદ્દા પર પહોંચ્યા છીએ તે એ છે કે સુસંગતતા.

નવા વિશ્વમાં બદલાતી સંસ્કૃતિમાં, પ્રાચીન ધરોહરની જાળવણી કરતાં, આપણે સુસંગત કેવી રીતે રહી શકીએ?

ખ્રિસ્તી વયસ્કો તરીકે, જેમાં આપણે રહીએ છીએ તે નવા વિશ્વની સંસ્કૃતિ સાથે આપણે સંઘર્ષ કરીએ છીએ. હકીકતમાં ઉમેરો કરતાં જે વિશ્વમાં આપણે ઉછરીને મોટા થયાં જેનું વિશ્વદર્શન અને સંસ્કૃતિ તદ્દન અલગ જ હતાં, હવે આપણને સમજ નથી પડતી કે બાઈબલના આ વચનોને લાગુ કેવી રીતે કરવા:

જગતમાં રહીને પણ "જગતના" થવાનું નથી (યોહાન 17:14-18) આનો અર્થ શું થાય? જગત સાથે સુસંગત રહીને પણ "જગતનું રૂપ ધારણ" કરવાનું નથી (રોમન 12:1,2) એ કેવી રીતે શક્ય બને? જગત સાથે જોડાયેલા રહીને જગતની મિત્રતા કરવાની નથી (યાકુબ 4:4) એ કેમ બને? રોજેરોજનું જીવન જગતમાં માણીએ અને છતાં પોતાની જાતને સંભાળીએ, કે જેથી જગતને પ્રેમ ન કરી બેસીએ (1 લો યોહાન 2:15-17) એ કેવી રીતે કરવું? આ એ મુદ્દાઓ છે જેની સાથે આપણે સંઘર્ષ કરીએ છીએ.

આપણે જાણીએ છીએ કે આપણે જગતની બહાર રહી શકતા નથી કેમ કે આપણને જગતમાં મોકલવામાં આવ્યા છે. આપણે જે નવા જગતમાં રહીએ છીએ તેની સંસ્કૃતિ સાથે આપણે શું કરીએ છીએ? આપણે કેવી રીતે પ્રત્યુત્તર આપીએ છીએ? જે સંસ્કૃતિથી આપણે એટલા બધા પરિચિત નથી તે નવા જગતની બદલાતી સંસ્કૃતિમાં કે જ્યાં આપણાં બાળકો ઉછરી રહ્યા છે તેઓને આપણે શું શિક્ષણ આપીએ છીએ?

- જો આપણે નવા અને બદલાતા વિશ્વની સંસ્કૃતિથી અળગા થઈ જઈએ તો, આપણે તેને પ્રભાવિત કરી શકીશું નહિ, સુધારી શકીશું નહિ અને તેનું બદલાણ કરી શકીશું નહિ.
- જો નવા વિશ્વની સંસ્કૃતિને આપણે પૂર્ણપણે અપનાવી લઈએ તો, તેમાં જે ખામીઓ છે તેને આપણે બદલી શકીશું નહિ.
- નવા વિશ્વની બદલાતી સંસ્કૃતિને આપણે સમજવી પડશે, તેનું અન્વેષણ કરવું પડશે અને તેમાં આપણાં સમય અને શક્તિનું રોકાણ કરીને આપણી સંસ્કૃતિના સિધ્ધાંતો અને સમકાલીન સત્યોને સમજાવીને સ્થાપિત કરવા પડશે.

કોઈ સંસ્કૃતિ સારી કે ખરાબ નથી હોતી. પરંતુ દરેક સંસ્કૃતિમાં જે સારા અને ખરાબ તત્વો છે તેને સમજવા પડશે અને તેની સાથે ડહાપણથી કાર્ય કરવું પડશે. અત્રે પાઉલ દેવના હ્રદયની વાતચીતને કહેતા જણાવે છે કે:

**1 લો કરીન્થિ 9:19-23**

**19 કેમ કે જે સર્વથી સ્વતંત્ર છતાં, ઘણા માણસોને [મંડળીમાં] લાવવા સારુ, હું મારી જાતે સર્વનો દાસ થયો.**

**20 યહૂદીયોને મેળવવા સારુ હું યહૂદીયોની સાથે યહૂદી જેવો થયો; હું પોતે નિયમાધીન ન છતાં, નિયમાધિનોને લાવવા સારુ નિયમાધિનોની સાથે નિયમાધીન જેવો થયો;**

**21 નિયમરહિતોને લાવવા સારુ નિયમરહિત જેવો થયો; દેવ વિષે નિયમરહિત તો નહિ ખ્રિસ્ત વિષે નિયમસહિત.**

**22 નિર્બળોને લાવવા સારુ નિર્બળોની સાથે નિર્બળ જેવો થયો. હરકોઇ રીતે કેટલાએકને તારવા સારુ હું સર્વની સાથે સર્વના જેવો થયો.**
**23 હું [મારૂ સાંભળનારાઓનો] તેમાં સહભાગી થાઉં, એ માટે હું સુવાર્તાની ખાતર સર્વ કરું છું.**

૧લો કરીન્થિ ૯માં અધ્યાયમાં જે લખવામાં આવ્યું છે તે ખુબ જ અગત્યનો ભાગ છે જે આપણને શીખવે છે કે આપણે આપણાં લક્ષ્ય સમુહ સાથે કેવી રીતે કાર્ય કરવું- દરેક માણસની સાથે તેના જેવુ બનવું. જેઓની સાથે આપણે સેવા કરીએ છીએ તેઓના જેવુ પણ બનવાનું છે. જો આમ કરવું પાઉલને જરૂરી લાગ્યું તો હું ખાતરીપૂર્વક કહીશ કે આપણે પણ તેમ કરવું જોઇએ!

**1 લો કરીન્થિ 10:32,33**
**32 તમે યહૂદીયોને કે ગ્રીકોને કે દેવની મંડળીને ઠોકર ખાવાના કારણરૂપ ન થાઓ;**
**33 તેઓ તારણ પામે માટે જેમ હું પણ સર્વ વાતે સર્વને રાજી રાખીને મારૂ પોતાનું નહિ, પણ ઘણાનું હિત જોઉન છું, તેમ જ [તમે કરો].**

1 લો કરીન્થિ 10:32,33 ને પ્રેરિત પાઉલ અગાઉ 1 લા કરીન્થિ 9:19-23 માં જે ચર્ચા કરે છે તેની સાથેના પ્રકાશમાં સમજવું પડશે. પાઉલ દરેક વ્યક્તિને દરેક બાબતમાં રાજી રાખવા માટે જે કારણ આપે છે તે તેના પોતાના ફાયદા માટે તે નથી કરતો પણ તેઓને ખ્રિસ્તના વિશ્વાસમાં લાવવા માટે તે આમ કરે છે.

*જે સાંસ્કૃતિક છે તેનો ઉપયોગ સુસંગતા કરે છે અને તે સમકાલીન છે. જે સમકાલીન છે તેને આપણે  સાંસ્કૃતિક કહેવું પડશે*—રેજી જોઇનર, ફેમિલી વાઈઝના સ્થાપક.

વિશ્વ બદલાઈ રહ્યું છે. ગઇકાલે જે થઇ શકતું હતું, તે આજે કદાચ ન થઈ શકે! આપણે નવા વિશ્વને સ્વીકારવું પડશે. નવા વિશ્વના જે ચિન્હો, નિશાનીઓ અને ભાષા છે તેનો ઉપયોગ કરીને આપણે સનાતન સત્યને રજૂ કરવું પડશે. અને છતાં પણ તેમ કરવામાં ખતરો રહેલો છે, કે જેનાથી આપણે સાવચેત રહેવાનુ છે. સંસ્કૃતિમાથી ગમે તેમ કોઇ બાબતને ઉઠાવીને આપણે સનાતન સત્યને રજૂ ન કરી શકીએ. નવા વિશ્વની સંસ્કૃતિને ઉપયોગમાં લેવા, વ્યસ્ત કરવા કે તેમાં રોકાણ કરવાના આપણાં પ્રયત્નોમાં આપણે પ્રાચીન સીમાચિન્હો સાથે કોઈ સમાધાન કરી શકીએ નહિ.

# 4

# આપણાં પ્રાચીન સીમાચિન્હો

જીવનના કેટલાક અગત્યના ક્ષેત્રોમાં પરિવર્તનનો જે પવન ફૂંકાઇ રહ્યો છે તે અને આ ક્ષેત્રોમાં જે પ્રાચીન સીમાચિન્હો આપણને યાદ દેવડાવે છે તે વિષે હું કેટલાક મુદ્દાઓ પર વાત કરવા માંગુ છું:

- અંગત જીવન અને ચારિત્ર,
- લગ્ન અને કુટુંબ,
- કાર્યસ્થળ,
- મંડળી મધ્યેનું જીવન અને,
- સેવા.

કેટલાક પવન એ પ્રકારના ફૂંકાઇ છે, કે જેમાં આપણે ગોઠવાઇ જવાનું છે અને પવન આપણને જ્યાં લઇ જાય ત્યાં જવાનું સ્વીકારી લેવાનું છે, જો એમ ન કરીએ તો આપણે પાછળ છૂટી જઇશું અને નવા વિશ્વથી વિખૂટા પડી જઇશું. અને પરિવર્તનના કેટલાક પવન એવી દિશામાં ફૂંકાઇ છે જે આપણને પવિત્ર સરહદો પાર કરવા અને દેવની સ્થાપિત પ્રણાલિકાઓ ગુમાવી દેવા મજબૂર કરે છે. પ્રાચીન સીમાચિન્હોનો ઉપયોગ કરીને, તોફાનમાં પણ લંગર નાખીને આપણે પરિવર્તનના આ પવનથી કેમ બચી જવું તે શીખવું પડશે.

આ પુસ્તકમાં જીવનના બધા જ ક્ષેત્રો અને પરિવર્તનના બધા ક્ષેત્રોની ચર્ચા કરું એવો મારો કોઇ ઉદ્દેશ નથી. મારો ઉદ્દેશ છે કે પૂરતા સમજણ અને જ્ઞાન હું વહન કરું કે જેથી પરિવર્તનનો જે પવન ફૂંકાઇ રહ્યો છે તેનો અને આવનાર વર્ષોમાં તે આપણાં પર આવી પડે ત્યારે તેનો સામનો કેવી રીતે કરવો. હું ઇચ્છું છું કે આપણે પ્રાચીન સીમાચિન્હોની સરહદમાં જ રહીએ અને પવિત્ર હદ ઓળંગીને દેવની પ્રણાલિકાઓ ગુમાવીએ નહિ.

આપણી પાસે પરિવર્તનને યોગ્ય પ્રતીભાવ આપવાની કુશળતા હોય એટલું જ માત્ર નહિ,

પણ આ પ્રાચીન સીમાચિન્હોને લઇને વિશ્વમાં આગળ વધવા માટેનો પડકાર આપવાની પણ મારી ઈચ્છા છે કે જેથી વિશ્વના એ ચોક્કસ ક્ષેત્રો જે પરિવર્તનના પવનને કારણે વિખેરાઈ રહ્યા છે તેને આપણે રૂપાંતરિત કરી શકીએ. પ્રાચીન સીમાચિન્હો, પવિત્ર સરહદો, દેવ દ્વારા સ્થાપિત પ્રણાલિકાઓ સાથે જે લોકો વ્યવસાય, સરકાર, શિક્ષણ, રમતગમત, મીડિયા, મનોરંજન, ફેશન, અને બીજા ઘણા બધા ક્ષેત્રોમાં જીવી રહ્યા તેઓ વિષે કલ્પના કરો. ચોક્કસ આપણે જગત માટે મીઠું અને પ્રકાશ બનીશું!

મારૂ તેડું ખુબ જ સરળ છે: બાઇબલ સાથે જોડાયેલા રહો. બાઇબલ જ આપણું પ્રાચીન સીમાચિન્હ છે!

સત્ય સુસંગત નથી. સત્ય સંપૂર્ણ છે. દેવનું વચન સત્ય છે (યોહન 17:17). દેવે આપણને જે સૂચનાઓ આપી છે તે સુસંગત નથી. તે પણ સંપૂર્ણ છે. દેવની સમજણ અંગે આપણે અભિપ્રાય આપવાનો નથી. દેવ જે સમજ્યા તે તેઓએ કહ્યું અને દેવે જે કહ્યું તે તેઓ સમજ્યા. દેવે જે કહ્યું તેનું આપણે અનુસરણ કરવાનું છે.

## અંગત જીવન અને ચરિત્ર માટે પ્રાચીન સીમાચિન્હો

### પવિત્રતા

**1 લો પિતર 1:14-16**
**14 આજ્ઞાંકિત છોકરાં જેવા થાઓ, અને તમારી પૂર્વની અજ્ઞાન અવસ્થામાં રાખેલી દુર્વાસનાની રૂએ ન વર્તો;**
**15 પણ જેણે તમને તેડયા છે, તે જેવો પવિત્ર છે તેવા તમે પણ સર્વ પ્રકારના આચરણમાં પવિત્ર થાઓ;**
**16 કેમ કે લખેલું છે કે, હું પવિત્ર છું, માટે તમે પવિત્ર થાઓ.**

**હિબ્રૂ 12:14**
**સઘળાની સાથે શાંતિથી વર્તો, અને પવિત્રતા કે જેના વગર કોઈ માણસ પ્રભુને દેખશે નહિ તેને ધોરણે તમે ચાલો.**

પવિત્ર થવું એટલે "દેવ માટે અલગ થવું". એનો અર્થ એવો થાય કે હું દેવનો છું. તેથી, હું જે કઈ કરું કે કહું તેમાં દેવને રજૂ કરવા પડે, તે દૈવી હોવું જોઇએ અને દેવત્વને પ્રગટ કરતાં હોવા જોઈએ.

આપણે જે કહીએ, કરીએ, પહેરીએ વિગેરેનો દૈવી માપદંડોથી આપણે ન્યાય કરવો

પડશે. અને છતાં પણ, પવિત્રતાના આપણાં એ માપદંડને કારણે આપણે એવા લોકો કે જેઓ આ માપદંડ ધરાવતા નથી તેઓથી અળગા થવાનું નથી. આપણે તેઓથી પ્રભાવિત થયાં તેઓને સુસંગત થવાની જરૂર છે.

યાદ કરો કે ઇસુ કર ઉઘરાવનારાઓ અને પાપીઓની સાથે અત્યંત સહજતાથી બેસતા અને ખાતા હતાં (માથ્થી 9:11). આનો અર્થ એવો કરી શકાય કે હું અમુક માત્રામાં, તેઓના જેવો પહેરવેશ ધારણ કરી શકું, તેઓની જેમ સુગંધ પારખી શકું, તેઓના સરખો દેખાઈ શકું અને છતાં દેવ સમક્ષ હું પવિત્રતાના મારા અંગત માપદંડને ગુમાવતો નથી.

ભલે આપણે વિશ્વના કોઈપણ ખૂણામાં વસવાટ કરતાં હોઈએ કે કોઈપણ સંસ્કૃતિને અનુસરતા હોઈએ પણ પવિત્રતા એ પ્રાચીન સીમાચિન્હ છે!

પવિત્રતા અંગેના દેવનાં માપદંડો સંપૂર્ણ છે. તે માપદંડો તેના બધા જ બાળકો માટે સમાન છે, ભલે પછી આપણે વિશ્વના કોઈપણ ખૂણામાં વસવાટ કરતાં હોઈએ કે કોઈપણ સંસ્કૃતિને અનુસરતા હોઈએ. વિશ્વાસીઓ તરીકે, આપણે આપણી જાતે આપણાં માટે નૈતિક ધોરણોને વ્યાખ્યાયિત કરી શકીએ નહિ. તે તો દેવનાં વચનમાં આપણે માટે લખી દેવામાં આવ્યા છે. આધુનિકતા પછી નૈતિક સુસંગતતા વિષે મંડળીમાં જે ખુશામત ચાલે તેનાથી આપણે સાવચેત રહેવું પડશે, મુદ્દાની વાત કરીએ તો કેટલાક પ્રબોધ કરે છે અને શિક્ષણ આપે છે કે અમે અમારા નૈતિક માપદંડો તૈયાર કર્યાં છે જે વિવિધ સંસ્કૃતિ માટે વિવિધ છે. આમ કરવું શક્ય નથી! વિશ્વના કોઈપણ ભાગમાં એ જ સમાન બાઇબલ વંચાય છે અને દેવ પોતાના લોકોને એ જ સમાન વચનો કહે છે!

સ્ત્રીઓ, કૃપા કરી ધ્યાન રાખો કે તમારો પહેરવેશ બે બાબતોને પ્રદર્શિત કરતી હોય- નમ્રતા અને ધર્મનિષ્ઠા.

**1 લો તિમોથી 2:9,10**
**9 એમ જ સ્ત્રીઓ પણ મર્યાદા તથા ગાંભીર્ય રાખીને શોભતા વસ્ત્રથી પોતાને શણગારે; ગૂંથેલા વાળથી તથા મોતી[ના અલંકાર]થી કે, કિંમતી પોશાકથી નહિ;**
**10 પણ દેવની ભક્તિમાં નિમગ્ન રહેનારી સ્ત્રીઓને શોભે એવી રીતે, એટલે સારાં કામથી [પોતાને શણગારે].**

મને ખ્યાલ છે કે કોઇ દલીલ કરશે કે વિવિધ સંસ્કૃતિમાં પહેરવેશમાં નમ્રતાને વિવિધ રીતે વ્યાખ્યાયિત કરાઇ છે. તેઓ દલીલ કરશે કે કોઇ એક સમાજમાં જે પહેરવેશ અનૈતિક

છે તે જ પહેરવેશ બીજી કોઇ સંસ્કૃતિમાં સંપૂર્ણપણે યોગ્ય હોઇ શકે છે. મારો પ્રત્યુત્તર બેધારી હશે. પ્રથમ, શાસ્ત્રમાં સ્ત્રીઓને કહેવામા આવ્યું છે કે તેઓ સુંદરતા પ્રતિ ધ્યાન આપીને "અંત:કરણમાંના ગુપ્ત મનુષ્યત્વ"ને પ્રદર્શિત કરે (1 લો પિતર 3:4અ) જે દેવની દ્રષ્ટિમાં મૂલ્યવાન છે. જેથી સંસ્કૃતિ ભલે કોઇપણ હોય, પણ વિશ્વાસી સ્ત્રીઓએ આ પ્રકારે ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. બીજું, તમે જે કોઇપણ સંસ્કૃતિમાં રહો છો તે સંસ્કૃતિ મુજબ પહેરવેશ અંગે નૈતિકતા ધારણ કરો.

## પ્રામાણિક્તા

**નીતિવચનો 10:9**
**પ્રામાણિકતાથી ચાલનાર મક્કમ પગલે ચાલે છે; પણ અવળે રસ્તે ચાલનાર તો જણાઇ આવશે.**

આપણાં જીવનના કોઇપણ ક્ષેત્રમાં આપણે નીતિમત્તા અને પ્રામાણિક્તા સાથે સમાધાન કરી શકીએ નહિ. સંજોગો કે પરિસ્થિતી ભલે ગમે તેટલું દબાણ કરે, પણ આ એક સરહદ છે જે આપણે ઓળંગવી નહિ.

## સખત મહેનત

**નીતિવચનો 10:4**
**ગાફેલ હાથથી કામ કરનાર દરિદ્રી થાય છે; પણ ઉદ્યોગીનો હાથ તેને ધનવાન બનાવે છે.**

આપણે ક્યારેક બીજા લોકોની ત્વરિત સફળતાથી મોહિત થઇ જઇએ છીએ. માર્ક ઝૂકરબર્ગ, હાવર્ડ યુનિ.નો અભ્યાસ અધૂરો છોડી દેનાર 23 વર્ષનો યુવાન, ફેસબૂકનો સ્થાપક, બીજી વેબ ક્રાંતિના સિતારા તરીકે પ્રખ્યાત, આ પુસ્તક લખાઇ રહ્યું છે ત્યારે ૧૫ મિલિયન કરતાં વધુની સંપતિનો માલિક છે. માત્ર એક સારા વિચાર અને ચાર જ વર્ષમાં, આ યુવાને ત્વરિત સફળતાનો અનુભવ કર્યો છે!

ત્વરિત સફળતાની વાર્તાઓ જોવાથી અને સાંભળવાથી ક્યારેક આપણે પૈસા કમાવાના સરળ રસ્તાઓ શોધવાની લ્હાયમાં ડૂબી જવાની સ્થિતિમાં આવી જઇએ છીએ. સખત મહેનત કોઇ રીતે જાણે કે સુસંગત દેખાતી નથી. પરંતુ, "પ્રાચીન સીમાચિન્હો" કહે છે કે જો તમારા હાથ ગાફેલ છે તો તમે ગરીબ બનશો. જેઓ ખંતથી મહેનત કરે છે તેઓ સફળતા પામે છે.

શું તમે જાણો છો કે વિપ્રોના ચેરમેન, અઝીમ પ્રેમજી વિષે એવું કહેવાય છે કે તેઓ સપ્તાહના આશરે ૮૦ કલાક કામ કરે છે? જો કોઇ તેમની સાથે કામ કરવા ઇચ્છે તો, અઝીમ

પ્રેમજીનો પહેલો સવાલ હોય છે, “તમે સપ્તાહના કેટલા કલાક કામ કરવાની તૈયારી રાખો છો?” જે કોઇ તેમની ટીમ સાથે પ્રત્યક્ષ રીતે કામ માગતું હોય તેણે સપ્તાહના ૬૦ થી ૭૦ કલાક કામ કરવાની તૈયારી રાખવી પડે. હું આપણાંમાના કોઇને અતિ વધુ પડતું કામ કરવા અને કામને જ પ્રાધાન્ય આપવા ઉત્તેજન નથી આપતો, પણ આપણે સમજવું પડશે કે સફળતા સસ્તી નથી!

## અગ્રતાઓ

જે વિશ્વમાં આપણે જીવીએ છીએ તેમાં એવી વિચારધારા છે કે બધુ જ સુસંગત છે અને અર્થઘટનને આધીન છે તેમાં આપણી પ્રાથમિકતાઓ સામે સતત પડકારો રહેલા છે.

માર્ક 12:29-31 અને માથ્થી ૬:૩૩ માં વાંચીએ છીએ કે પ્રાથમિકતાઓ માટેના સીમાચિન્હો આપેલા છે જેને આપણે જાળવી રાખવાના છે.

**માર્ક 12:29-31**

**29 ઇસુએ ઉત્તર આપ્યો કે, પહેલી એ છે કે, ઓ ઇસ્ત્રાએલ, સંભાળ; પ્રભુ આપણો દેવ તે પ્રભુ એક જ છે;**
**30 અને તારા પૂરા હ્રદયથી, ને તારા પૂરા જીવથી, ને તારી પૂરી બુદ્ધિથી, ને તારા પૂરા સામર્થ્યથી, પ્રભુ તારા દેવ પર તું પ્રીતિ કર.**
**31 અને બીજી એ છે કે જેમ તું પોતા પર પ્રીતિ કરે છે તેમ તારા પડોશી પર પ્રીતિ કર. એઓ કરતાં બીજી કોઇ મોટી આજ્ઞા નથી.**

**માથ્થી 6:33**

**પણ તમે પહેલા તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો, એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે.**

વિશ્વાસીઓ તરીકે આપણાં માટે, આપણી અંગત સગવડતાઓ, ઈચ્છાઓ, મહત્વકાંક્ષાઓ વિગેરેની ઉપર દેવ પ્રત્યેનો આપણો પ્રેમ અને તેના રાજ્યને પામવાની ધગશ જ પ્રાથમિક્તા હોવી જોઇએ.

જગતમાં માણસની યોગ્યતા તેની પાસે કેટલું દ્રવ્ય છે તેને આધારે નક્કી થાય છે, પણ આપણે સમજીએ છીએ કે આપણી પાસે કેટલું છે તેના કરતાં આપણે કોણ છીએ તે અગત્યનું છે!

**લૂક 12:15**

**તેણે તેઓને કહ્યું કે, સાવધાન રહો, અને સર્વ [પ્રકારના] લોભથી દૂર રહો, કેમ કે કોઇનું જીવન તેની**

**પુષ્કળ મિલકતમાં રહેલું નથી.**

## સાક્ષી

આપણે હંમેશા આપણી સાક્ષી જાળવી રાખવી જરૂરી છે. આપણાં કાર્યો, આપણો અભિગમ, આપણું વર્તન-આપણી આસપાસના લોકો સાથેની વાતચીત, જ્યારે આપણે કશું પણ બોલતા ન હોઈએ ત્યારે, એ જ આપણી સાક્ષી છે. આપણી સાક્ષીને જાળવી રાખવા શક્ય તમામ પ્રયત્નો આપણે કરવા પડશે-એવું જીવન કે જેમાં કોઈ આંગળી ચીંધી શકે નહિ. આપણે એ રીતે જીવવું પડશે કે જેને આપણે અનુસરીએ છીએ તેને પ્રગટ કરીએ (1 લો પિતર 2:9)

# લગ્ન અને કુટુંબ માટેના સીમાચિન્હો

## લગ્ન

**હિબ્રૂ 13:4**
**સર્વમાં લગ્ન માનયોગ્ય ગણાય, અને બિછાનું નિર્મળ રહે; કેમ કે દેવ લંપટો અને વ્યભિચારીઓનો ન્યાય કરશે.**

વિશ્વાસીઓ તરીકે આપણે જાણીએ છીએ કે લગ્ન એ ઈશ્વર દ્વારા સ્થાપિત સંસ્કાર છે. તે જીવનપર્યંતનો કરાર છે. આ એક પ્રાચીન સીમાચિન્હ છે જેને આપણે ગુમાવવાનું નથી. જેઓ કોઈ પ્રેમ સબંધમાં છે (ડેટિંગ કરે છે) તેઓ ધ્યાન રાખે જ્યાં સુધી લગ્ન ન થાય ત્યાં સુધી તે સબંધ અવૈધ છે. લગ્નના કરાર દ્વારા લગ્નની જવાબદારીમાં પ્રવેશ્યા વિના, તમે લગ્નના ફાયદા ઉઠાવી ન શકો. જેઓ લગ્નગ્રંથિથી જોડાયેલા છે તેઓ યાદ રાખજો કે તમારું લગ્ન માત્ર તમે બે પાત્રો માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે અને તમારે એકબીજાને વફાદાર રહેવાનુ છે. તમારા લગ્ન સબંધના એ વર્તુળને જાળવી રાખો.

## કુટુંબ

કુટુંબ એ ઈશ્વરની ડિઝાઇન છે. પોતાના કુટુંબની સેવા (કાળજી) કરવી એ ઈશ્વર દ્વારા આપવામાં આવતી અન્ય સેવાઓ (પ્રબોધ કરવો, શિક્ષણ આપવું, ચમત્કારો કરવા) પ્રમાણેની જ એક સેવા છે. તેથી, પોતાના કુટુંબની સેવા કરવી એ એક પ્રકારે પ્રાચીન સીમાચિન્હ છે જેને આપણે ત્યજી દેવાનું નથી. આપણે આપણાં કુટુંબમાં સમય અને શક્તિના રોકાણને અગ્રતા આપવાની છે.

આપણે મોટા સમુહ (મંડળી)માં વિશ્વાસ કરીએ છીએ કે વિશ્વાસીઓ તરીકે આપણે આ સમુહ (સ્થાનિક મંડળી)નો હિસ્સો છીએ કે જેને ઈશ્વરે જ સ્થાપિત કરી છે, ત્યારે આપણે ખાસ સાવચેતી રાખવાની છે કુટુંબના ભોગે તેની મર્યાદા ક્યાં પૂરી થાય છે. આપણે આપણાં કુટુંબને મંડળીમાં વિખેરાઇ જવા દઇ શકીએ નહિ.

## માતાપિતાનું સન્માન

**નીતિવચનો 1:8,9**
**8 મારા દીકરા, તારા બાપની શિખામણ સંભાળ, અને તારી માનું શિક્ષણ તજીશ મા.**
**9 કેમ કે તે તારે માથે શોભાયમાન મુગટરૂપ, તથા તારા ગળાના હારરૂપ થશે.**

માતપિતાનું સન્માન કરવું, તેઓને માન આપવું અને તેમની સેવા કરવી, એ કદાચ જૂની ફેશન જેવુ લાગે. વિશ્વાસીઓ તરીકે આપણને દેવના વચનમાં માતપિતાનું સન્માન રાખવાની સૂચના આપવામાં આવી છે (એફેસી 6:1-3). આ દેવ દ્વારા સ્થાપિત પ્રણાલિકા છે જેને આપણે કોઇ રીતે નાબુદ કરી શકીએ નહિ.

# 5

# કાર્યસ્થળ માટેના પ્રાચીન સીમાચિન્હો

અગાઉ આપણે અંગત જીવન અને ચરિત્ર માટેના સીમાચિન્હોની ચર્ચા કરી તે જ કાર્યસ્થળ માટે પણ લાગુ પડે છે. આ સીમાચિન્હોને તમારા વ્યવસાયિક જીવન અને જગતમાં લઇને ચાલો. નવા વિશ્વની સંસ્કૃતિને આ પ્રાચીન સીમાચિન્હો સાથે સમાધાન કરવાનું કારણ બનવા દેશો નહિ.

## સ્વતંત્રતા

આજે, આપણે આપણાં કાર્યસ્થળોમાં એ દરેક પ્રકારની પદ્ધતિઓ અને નામકરણનો ઉપયોગ કરીએ છીએ કે જેથી કર્માચારીઓ પોતાને એક "કર્મચારી" નહિ પણ સંસ્થાનો એક ભાગ સમજે. આપણે ઇચ્છીએ છીએ કે લોકો સ્વતંત્ર રીતે કાર્ય કરીને અસરકારતા બતાવે. અને ઘણીવાર, કર્મચારીઓ સ્વતંત્રતાનો ખોટો અર્થ શિસ્તનો અભાવ સમજે છે.

સ્વતંત્રતા એ કોઇપણ ભોગે શિસ્તનો અભાવ નથી. સ્વતંત્રતા એ જવાબદારીનો અભાવ પણ નથી. સ્વતંત્રતાનો અર્થ એવો નથી કે તમે જાતે જ ઓફિસે ક્યારે આવવું અને કયારે જવું તેનો સમય નક્કી કરો, તમારું મહેનતાણું તમે જાતે જ નક્કી કરો, તમારો અંગત ખર્ચ ગમે તેટલો હોય જેનું બિલ કંપની ભરે, તમારે કઇ હોટેલમાં રોકાવું વિગેરે-આ પ્રકારની બાબતો કાર્યસ્થળે કોઇપણ પ્રકારે સ્વતંત્રતા કહેવાય નહિ. આ બાબતો માટે કોઇપણ સારી સંસ્થામાં માર્ગદર્શિકા અને મર્યાદાઓ હોવી જોઇએ, નહિ તો અવ્યવસ્થા સર્જાય. કાર્યસ્થળે સાચી સ્વતંત્રતા એને કહેવાય કે જેના દ્વારા તમે તમારી કુશળતાઓનો ભરપૂરીપણામાં ઉપયોગ કરીને, કોઇપણ પ્રકારની બિનજરૂરી દખલ અને રૂકાવટ વિના તમારી સંસ્થા માટે વધુ સારું કાર્ય કરો. સર્જનાત્મક વિચારો રજૂ કરવા, લક્ષ્યાંકો સ્થાપિત કરવા, અને લક્ષ્યાંકોને સિધ્ધ કરવા માટે દ્રધ્ધતા સુનિશ્ચિત કરવી જેવી બાબતોનો અર્થ સ્વતંત્રતા તરીકે થાય છે.

**એફેસી 6:7**
**માણસોની ચકરી નહિ, પણ જાણે તે પ્રભુની હોય તેમ સમજીને ખુશીથી કરો.**

## નૈતિક સુસંગતતા અને પરિસ્થિતીગત નીતિશાસ્ત્ર

આધુનિકવાદ પછીનું વિશ્વદર્શન નૈતિક સુસંગતતા અને પરિસ્થિતીગત નીતિશાસ્ત્રમાં વિશ્વાસ કરે છે કે જેમાં કાર્યસ્થળે ધંધાકીય અને અંગત મૂલ્યોને પડકારજનક સ્થિતિનો સામનો કરવો પડે છે. સાચું અને ખોટું, કાળું અને સફેદ એ બધુ ભૂખરા રંગમાં વિખેરાઈ ગયું છે. ત્વરિત સફળતા, મોટો નફો અને સારા સબંધો માટે મૂલ્યો, નીતિ, પ્રામાણિક્તા વિગેરે સાથે સમાધાન થઈ રહ્યું છે.

પ્રાચીન સીમાચિન્હો હજી વંચાય છે:

**નીતિવચનો 10:9**
**પ્રામાણિકપણાથી ચાલનાર મક્કમ પગલે ચાલે છે; પણ અવળે રસ્તે ચનાર તો જણાઈ આવશે.**

વ્યવસાયિકો, આપણે આપણાં વિશ્વને પ્રભાવિત કરવાનું છે તેનાથી પ્રભાવિત થવાનું નથી. હું તમને પડકાર આપવા માંગુ છું. માત્ર જીવવા ખાતર ન જીવશો; કઇંક અલગ કરો!

# મંડળીકીય જીવન માટેના પ્રાચીન સીમાચિન્હો

## સંગીત

સમકાલીન સંગીત ખોટું નથી. સારા સંગીત સાથે દેવની આરાધના થાય કે જેના દ્વારા જુવાનો અને નવી પેઢી આકર્ષાય એ મોટી બાબત છે. અને છતાં આપણે સાવચેત રહેવાનુ છે કે આરાધનામાં સંગીત હાવી થઈ જાય અને ઈશ્વરનો અનુભવ નહિવત થઈ જાય.

**પુનર્નિયમ 31:19**
**તો હવે તમે આ ગીત પોતાને સારુ લખી લો, ને તું તે ઇસ્રાએલપુત્રોને શીખવ; તેઓને તે મોંઢે કરાવ કે આ ગીત ઇસ્રાએલપુત્રોની વિરુદ્ધ મારે સારુ સાક્ષીરૂપ થાય.**

ગીતો લખાય એવું દેવ ઇચ્છતા હતા એનું એક કારણ એ હતું કે આ ગીતો પોતાના લોકોને શીખવવામાં આવે અને તેઓનાં મોંઢામાં મૂકવામાં આવે કે જેથી તેઓ ઈશ્વરને અને ઈશ્વરના

તેમના માટેના કાર્યને સતત યાદ રાખે. આપણે આ સીમાચિન્હ દ્વારા સમકાલીન ગીતોની સમીક્ષા કરવાની જરૂર છે. સમકાલીન ગીતો દેવના હેતુને સિદ્ધ કરવામાં મદદરૂપ છે?

વિશ્વાસના એ જૂના ભવ્ય ગીતોને પણ આપણે નકારવાના નથી. એ જૂના ગીતો ઈશ્વરવિદ્યા અને વિશ્વાસની અભિવ્યક્તિથી ભરપૂર છે.

**એફેસી 5:19**
**ગીતોથી**, **સ્તોત્રોથી તથા આત્મિક ગાનોથી એકબીજાની સાથે વાતો કરીને તમારા હ્રદયમાં પ્રભુના ગાયનો તથા ભજનો ગાઓ**.

**ગીતો**, **સ્તોત્રો**, **ભજનો**, **અને આત્મિક ગાયનો**, **આ** દરેકની પ્રભુની આરાધના કરવા માટે આપણને જરૂર છે!

## શિસ્ત

આજના મોટાભાગના પાળકો "ઘેટાપાળકની લાકડી"(shepherd's rod)થી ગભરાઈ છે. દરેક ઘેટાપાળક પોતાના ઘેટાંને કેવળ લીલાં બીડ અને શાંત પાણીનાં ઝરા પાસે દોરી જાય એટલું જ નહીં, પણ તેઓ ઘેટાંને દોરવા અને તેઓનું રક્ષણ કરવા માટે લાકડી અને છડી પણ રાખે છે.

જેઓ બીમારીમાં છેલ્લા શ્વાસ લઈ રહ્યા હોય તેવા લોકો માટે વેદિકીય ભાષામાં "ઉપશામક કાળજી" એવો શબ્દ વાપરવામાં આવે છે.આની પાછળનો વિચાર એવો છે તેમના અંતિમ દિવસોમાં તેઓને શક્ય એટલી સુખદાયક સગવડ પૂરી પાડવી. જેઓ શારિરીક વેદના ભોગવી રહ્યા છે તેઓ માટે આ વિચાર ઉત્તમ છે. જેઓ પાપમાં વેદના ભોગવી રહ્યા છે અને ઈશ્વરની કૃપા ઘટતી જઈ રહી છે તેઓને માટે મંડળી આ પ્રકારની "ઉપશામક કાળજી"ની વ્યવસ્થા કરી શકતી નથી(હિબ્રૂ 12:15). આ પૃથ્વી પર એવા લોકો માટે આપણે કદાચ આ પ્રકારની વ્યવસ્થા કરીએ તો પણ તેનો કોઈ મતલબ નથી કેમ કે આખરે તો તેઓએ સદાને માટે નરકમાં જ જવાનું છે. તેને બદલે હું તેઓને ચપ્પુ આપીને મદદ કરીશ કે તેઓ પોતાની જમણી આંખ કે ડાબો હાથ "કાપી નાખે" જે તેઓને પાપ કરવા પ્રેરે છે (માથ્થી 5:29,30). મંડળી તમને એવા સાચા ઘેટાપાળકો આપે. જેઓ પોતાની લાકડી અને છડીનો ઉપયોગ કરે. એ સિવાય ઘેટાપાળક પોતાના ઘેટાંને દોરી શકશે નહિ, સુધારી શકશે નહિ અને સાચવી શકશે પણ નહિ.

**1 લો કરીન્થિ 4:21**
**તમારી શી ઈચ્છા છે? હું તમારી પાસે સોટી લઈને આવું કે, પ્રેમથી તથા નમ્રતાથી આવું?**

આપણે ભરપૂર કૃપામાં વિશ્વાસ કરીએ છીએ, પણ આપણે દેવની શિસ્તમાં પણ એટલો જ વિશ્વાસ કરીએ છીએ. આવો આપણે કૃપાના નામે દેવને શોભતા જીવનની અધીનતાનું બલિદાન ન આપીએ. શિસ્ત સાથે કોઈ સમાધાન ન કરીએ, અને એ પણ ન ભૂલીએ કે દેવની કૃપા વગર માફી શક્ય જ નથી.

### આગેવાનો સમક્ષ આધીનતા

આધુનિકતા પછીના વિશ્વમાં, "માન", "સન્માન", "આધીનતા", અને "આજ્ઞાપાલન" જેવા શબ્દોને ખરાબ ગણવામાં આવે છે! અને આ જ અભિગમ મંડળીમાં સ્પર્શ્યો છે.

અત્રે તેનું સીમાચિન્હ છે:

**હિબ્રૂ 13:17**
**તમે તમારા આગેવાનોની આજ્ઞાઓ પાળીને તેઓને આધીન રહો; કેમ કે હિસાબ આપનારાઓની પેઠે તેઓ તમારા આત્માઓની ચોકી કરે છે; એ માટે કે તેઓ આનંદથી તે [કામ] કરે, પણ શોકથી નહિ; કેમ કે એથી તમને ગેરલાભ થાય.**

## સેવા માટેના પ્રાચીન સીમાચિન્હો

### પહેરવેશ

યાજકના ઝભ્ભાથી લઈને શુટ અને રોજિંદા કપડાં પહેરીને પુલપીટ પર સેવા કરવાની ખૂબ લાંબી યાત્રા આપણે કરી છે. કેવળ પહેરવેશને કારણે સેવકોનો ન્યાય ન કરશો. વરૂના પહેરવેશમાં તેઓ ઘેટાં પણ હોય શકે છે અને ઘેટાના પહેરવેશમાં વરૂ પણ હોય શકે છે. જે અગત્યનું છે તે તેઓનું જીવન, ચરિત્ર, તેઓના સંદેશાની પ્રામાણિક્તા અને દેવના આત્માના અભિષિક્તપણાને તેઓ કેવી રીતે રજૂ કરે છે તે. જ્યાં સુધી આપણે સેવામાં પ્રાચીન સીમાચિન્હોને જાળવી રાખીએ છીએ ત્યાં સુધી રોજિંદા કપડાં પહેરીને સેવા કરવામાં કશું ખોટું નથી.

## શિષ્ટાચાર

આજે ખ્રિસ્તી ધર્મમાં કેટલાક ક્ષેત્રોમાં જે બની રહ્યું છે તે જોતાં મને ચિંતા થાય છે. શાંત અને નમ્ર બનવાના પ્રયત્નોમાં, પ્રબોધકો અને સેવકો ખરેખર તો સેવામાં નૈતિક માપદંડોની પ્રતિષ્ઠા ઓછી કરે છે. શું તમે કલ્પના કરી શકો કે કોઈ સેવક નમ્રતા દેખાડવા માટે પુલપીટ પરથી સંદેશા દરમ્યાન કહે કે તે સપ્તાહમાં કેટલીવાર પોતાની પત્ની સાથે સંભોગ કરે છે.? કેવળ પોતાની મંડળીના લોકો સમક્ષ નમ્ર દેખાવા ખાતર! હલકી ભાષા, સસ્તા જોક્સ, અને બીજી નબળી વાતો દ્વારા નમ્રતાનો ડોળ કરતાં આપણે પુલપિટની ગરિમા અને પવિત્રતાને ખોઈ બેસીએ છીએ.

એક માણસ તેની સેવાની શરૂઆતથી અત્યાર સુધીના વર્ષોમાં ચાર વખત છૂટાછેડા લઈ ચૂક્યો છે અને હાલમાં તેના પાંચમા લગ્નજીવનમાં, ટેલીવિઝન સેવામાં પાળક અને સંબોધક છે. શા માટે આપણે આવું સહન કરીએ છીએ?

જેઓ આત્મિક આગેવાનીમાં અને સેવામાં છે તેઓ માટે પ્રાચીન સીમાચિન્હો:

**1 લો તિમોથી** 3:1-5

1 **જો કોઈ માણસ અધ્યક્ષપદની ઈચ્છા રાખે છે**, **તો તે ઉમદા કામની ઈચ્છા રાખે છે**, **એ વચન માનવા યોગ્ય છે**.

2 **અધ્યક્ષ તો નિર્દોષ**, **એક જ સ્ત્રીનો વર**, **પરહેજગાર**, **શુદ્ધ હ્રદયનો**, **સુવ્યવસ્થિત**, **આતિથ્ય કરનાર**, **શીખવી શકે એવો**;

3 **મદ્યપાન કરનાર નહિ**, **મારનાર નહિ**, **પણ સહનશીલ**, **કજિયા કરનાર નહિ**; **દ્રવ્યલોભી નહિ**;

4 **પોતાના ઘરનાને સારી રીતે ચલાવનાર**, **પોતાના છોકરાને પૂર્ણ ગાંભીર્યથી આધીન રાખનાર**, **એવો હોવો જોઈએ**.

5 (**કેમ કે જો કોઈ માણસ પોતાના ઘરનાને બરાબર રીતે ચલાવી જાણતો નથી**, **તો તે દેવની મંડળીની સંભાળ કેવી રીતે રાખશે**?)

જેઓ સેવામાં છે તેઓ માટે ઈશ્વર દ્વારા નક્કી થયેલ પૂર્વશરતોરૂપી જે માપદંડો આપવામાં આવ્યા છે તે પ્રતિ ખ્રિસ્તી ધર્મ જાણે કે બેદરકાર બની ગયો છે. એ સાચું છે કે સેવકો પણ આખરે તો મનુષ્ય જ છે પણ ઈશ્વરે જે માપદંડો સ્થાપિત કર્યા છે તેના પાલનની તેઓ આપણી પાસે અપેક્ષા રાખે છે. આ પ્રાચીન સીમાચિન્હો છે જેનો આપણે ભંગ ન કરી શકીએ!

## પ્રેરિત પાઉલ દ્વારા ગૌરવપૂર્ણ ચેતવણી:

પાઉલ કહે છે, "કેમ કે ઘણાની પેઠે અમે દેવની વાતમાં ભેળ કરતાં નથી, પણ શુધ્ધ અંત:કરણથી તથા દેવના [અખત્યારથી] તથા દેવની સમક્ષ [બોલતા હોઈએ] તેમ અમે ખ્રિસ્તમાં બોલીએ છીએ" (2 જો કરીન્થિ 2:17).

દેવની વાતમાં ભેળ કરવો એટલે શું? એનો અર્થ છે કે વચનને ભેળવી દેવું, નૈતિક સુસંગતતા(જે સંપૂર્ણ નથી)સાથે મિલાવી દેવું, આધુનિકતા પછીની ફિલસૂફી, માનવતાવાદ, અને બીજી "સારુ લગાડતી" યુક્તિઓ, જેને ભેળવીને પ્રેક્ષકોને ભોળવી દેવા. સમગ્ર વિશ્વના પુલપીટ પર જાણે કે આવું થાય છે. એવું નથી કે કેટલાક ઉપદેશકો બઇબલનો ઉપયોગ કરતાં નથી અને શાસ્ત્રમાથી કહેતા નથી, પણ નવા વિશ્વને સુસંગત થવાના પ્રયાસરૂપે, કેટલાક પ્રેક્ષકોને રાજી રાખવા માટે વચનને ભેળવી દે છે અને તેઓને જે સંભાળવું છે તે જ ઉપદેશ આપે છે!

**2 જો તિમોથી 4:2-4**

**2 તું સુવાર્તા પ્રગટ કર: અનુકૂળ તથા પ્રતિકૂલ પ્રસંગે તત્પર રહે; સંપૂર્ણ સહનશીલતાથી ઉપદેશ કરીને ઠપકો આપ, ધમકાવ તથા ઉત્તેજન આપ.**

**3 કેમ કે એવો વખત આવશે કે જે વખતે તેઓ શુધ્ધ ઉપદેશને સહન કરશે નહિ; પણ કાનમાં ખંજવાળ આવવાથી તેઓ પોતાને મનગમતા ઉપદેશકો પોતાને સારુ ભેગા કરશે.**

**4 તેઓ સત્ય તરફ આડા કાન કરશે, અને કલ્પિત વાતો તરફ ફરશે.**

કેટલા લોકોએ સંદેશને સાંભળ્યો છે તે પરથી આપણે જે તે સંદેશાની વૈધતાને મૂલ્યાંકિત કરી શકીએ નહિ. કોઈ સારુ બોલી શકનાર વ્યક્તિ ઘણા મોટા ટોળાને એકઠું કરી શકે. કોઈપણ સંદેશને મૂલ્યાંકિત કરવા માટે તેમાં દેવના વચનને સમાધાન વિના કેવી રીતે રજૂ કરવામાં આવ્યું છે તેના પર આધારિત છે.

ઇસુએ દેવના રાજ્યના સંદેશની કશાની સાથે ભેળસેળ કરી નહિ. ઇસુનો પડકાર સ્પષ્ટ હતો: "...દરરોજ તમારો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ ચાલો" (લૂક ૯:એ 9:23).

**યોહાન 6:66,67**

**66 આ સાંભળીને તેના શિષ્યોમાના ઘણાક પાછા જઈને ત્યાર પછી તેની સાથે ચાલ્યા નહિ.**

**67 એ માટે ઇસુએ બાર [શિષ્યોને] પૂછ્યું કે, શું તમે પણ જતાં રહેવા ચાહો છો?**

12 શિષ્યો બચ્યા ત્યાં સુધીમાં ઘણા બધા ઇસુને છોડીને જતાં રહ્યા, અને ઇસુ હવે તેઓને પૂછે છે કે તેઓ પણ જવા ચાહે છે.

તમે વિચાર્યું હશે કે ઇસુ સંદેશો આપવામાં નિષ્ફળ ગયા, કેમ કે તેમના સંદેશા પછી ટોળું વિખેરાવા લાગયું. (લોકોના નકારાત્મક પ્રતિભાવથી તમે સંદેશાને મૂલ્યાંકિત કરી શકો નહિ- કદાચ જે સત્ય કહેવામા આવ્યું હોય તે તેમને ગમ્યું ન હોય?) અને છતાં આપણે જાણીએ છીએ ટોળાઓ તેમની પાછળ આવ્યા કારણ કે તેમનું વચન પિતા તરફથી મળેલું શુધ્ધ વચન હતું અને તેમણે તેમના પિતાનું કાર્ય કર્યું!

આપણાં સંદેશાઓમાં, આપણે સમાધાનરહિત, સુધારા રહિત દેવના વચનમાં જે પ્રાચીન સીમાચિન્હો છે તેને જાળવવા પડશે!

**વર્તમાન આવૃત્તિ**

પવિત્ર આત્માના સામર્થ્યમાં નિશાનીઓ, આશ્ચર્યો, ચમત્કારો સહિત સુવાર્તા પ્રગટ કરવી એ સેવામાં પધ્ધતિ માટેનું સીમાચિન્હ છે. ઇસુએ પણ એ જ કર્યું અને આપણને પણ તેમ કરવા તેઓએ શીખવ્યું. સુવાર્તાઓમાં ઇસુએ જે દ્રષ્ટાંતો કહ્યા તે કરતાં જે ચમત્કારો કર્યા તે અંગેના પ્રસંગો વધુ છે.

## વર્તમાન આવૃત્તિ

**યોહાન 10:37,38**
**37 જો હું મારા બાપના કામ નથી કરતો, તો મારા પર વિશ્વાસ ન કરો.**
**38 પણ જો હું કરું છું, તો જો કે તમે મારા પર વિશ્વાસ ન કરો, તોપણ તે કામો પર વિશ્વાસ અકરો; કે જેથી તમે જાણો ને સમજો કે, બાપ મારામાં છે, અને હું બાપમાં છું.**

પાઉલે કહ્યું:

**1 લો કરીન્થિ 2:4,5**
**4 મારી વાતનો તથા મારા બોધનો આધાર માનવી જ્ઞાનની મનોહર ભાષા પર નહોતો, પણ આત્માના તથા સામર્થ્યના પ્રમાણ પર હતો**
**5 કે, તમારા વિશ્વાસનો આધાર માણસોના જ્ઞાન ઉપર નહિ, પણ દેવના સામર્થ્ય પર હોય.**

આ આપણું પ્રાચીન સીમાચિન્હ છે, અને સમકાલીન સંદેશો આપવા માટે આપણે

તેનો માપદંડ તરીકે વાપરવાની જરૂર છે. કુશળ વકૃત્વ અને ભવ્ય મલ્ટીમીડિયાની મદદ તમને એવું વિચારવા મૂર્ખ ન બનાવે કે આજ અને આ રીતે જ દેવનું વચન આપી શકાય. ઇસુ આપણાં માપદંડ છે! ઇસુએ કહ્યું કે ઉપદેશની સાથે ચમત્કારો અને અલૌકિક નિશાનીઓ હોવા જોઇએ. જ્યારે લોકો ભક્તિસભામાં આવે ત્યારે તેઓને આપણે "રૂપાંતરણનો આ ઉત્તમ અનુભવ" આપી શકીએ-અલૌકિકતાનો નિદર્શનમાં મુકાબલો!

આ એક દિશા છે જેમાં આપણે મંડળી તરીકે આગળ વધવાનું છે. આ રીતે જ આપણે આગળ વધવું પડશે!

સનાતન સત્યને વહન કરવા માટે ટેક્નોલોજી અને સર્જનાત્મકતાને કામે લગાડવામાં કશું ખોટું નથી, પણ મારી ચિંતા એ છે કે આવું કરતાં ક્યાંક દેવના રાજ્યની વાત આડે પાટે ચઢી ન જાય, દેવની વાતમાં દ્રઢ્ઢતાને બદલે, ટોળાને આકર્ષિત કરવા માટે વ્યર્થ માર્કેટિંગ અને સુસ્ત વેચાણપ્રક્રિયા બની ન જાય. આપણાં વિશ્વાસના કર્તા અને લેખકને મહત્વ આપવાને બદલે આપણે વ્યક્તિ કેન્દ્રિત બની રહ્યા છીએ.

સેવામાં આપણે આપણાં હેતુઓ અને પદ્ધતિઓ અંગે હઠાગ્રહપૂર્વક ન્યાયી બનવું પડશે. આપણે એવી કોઇ ભૂલ કરવી નથી કે જેથી આપણી સેવા બદનામ થાય. પણ દરેક બાબતમાં, આપણે આપણી જાતોને દેવના સેવકો તરીકે પ્રસંશનીય બનાવીએ (2 જો કરીન્થિ 6:3,4).

દેવના સેવકો તરીકે, આપણાં તેડા પ્રત્યે, અલૌકિક નિદર્શન સાથે દેવના પવિત્ર આત્માના સામર્થ્યમાં સુવાર્તા આપતા, વફાદાર રહીએ. આ સિવાય જે પણ બાબતને આપણે કામે લગાડીએ તે કેવળ લોકોના હ્રદય સુધી પહોંચવા માટે મદદ તરીકે હોય અને પ્રાચીન સીમાચિન્હોને જરાપણ ખસેડે નહિ.

એપીસીના પાળકો અને સેવાનાં આગેવાનો સંપૂર્ણ, સમાધાનરહિત અને પવિત્ર આત્માના અભિષિક્તપણામાં દેવના વચનો રજૂ કરવા સમર્પિત છે. અમે માનીએ છીએ કે સારુ સંગીત, સર્જનાત્મક રજૂઆત, વિદ્વાન ખુલાસાઓ, સમકાલીન સેવાની પદ્ધતિઓ, અને આધુનિક ટેક્નોલોજી જેવી બાબતો પવિત્ર આત્માના સામર્થ્યમાં નિશાનીઓ, આશ્ચર્યો, ચમત્કારો, અને પવિત્ર આત્માના કૃપાદાનો સાથે દેવના અભિષિક્તપણામાં દેવના વચન પોકારવાનું સ્થાન લઈ ન શકે (1 લો કરીન્થિ 2:4,5; અને હિબ્રૂ 2:3,4).

અમારો વિષય ઇસુ છે, અમારી સામગ્રી દેવનું વચન છે, અમારી પધ્ધ્તિ પવત્ર આત્માનું સામર્થ્ય છે, અમારી ઉત્કંઠા લોકો છે અને અમારું લક્ષ્ય ખ્રિસ્તના જેવી પરિપકવતા છે.

# 6
# સમર્પણ માટે તેડું

- પ્રાચીન સીમાચિન્હો સાથે જીવવા માટે તમારી જાતને સમર્પિત કરો.

- તમારો પાયો દેવમાં અને તેના વચનમાં ઊંડો અને દ્રઢ્ઢ બને તે માટે તમારી જાતને સમર્પટિ કરો. દેવ અને તેમનું વચન સનાતન છે. દેવનું વચન એક માપદંડ હોવું જોઇએ કે જેના વડે તમે દરેક બાબતને માપો અને નક્કી કરો કે જીવનમાં તમે જે રોકાણ કરો છો તે કેટલું યોગ્ય છે; એ માપપટ્ટી છે જે દ્વારા દૈવી માપદંડો સાથે જીવનની દરેક બાબતોને માપો; એ આંખની કીકી છે જે દ્વારા તમે જુઓ, અને નક્કી કરો કે શું સાચું છે અને શું ખોટું છે. પરીવર્તનના ફૂકાઇ રહેલા પવનને કોઇ પ્રકારે પ્રાચીન સીમાચિન્હો સાથે સમાધાનનું કારણ બનવા ન દેશો.

- યાદ રાખો કે કેટલીક પવિત્ર હદો છે જે ઓળંગવાની નથી. દેવ સ્થાપિત પ્રણાલિકાઓ છે જેને ચાલુ જ રાખવાની છે.

- આ પ્રાચીન સીમાચિન્હોને "તમારા" વિશ્વમાં લઈ જવા પ્રત્યે સમર્પિત થાઓ.

- જે પરીવર્તનના પવનો ઉપયોગી છે તેને સ્વીકરો અને તેની સાથે તાલમેલ સાધો. એ સિવાયના બીજા ક્ષેત્રોમાં પ્રાચીન સીમાચિન્હોને વળગી રહો!

- પ્રાચીન સીમાચિન્હોનું સચોટ રીતે વહન કરો.

આજની પેઢીને હું અરજ કરું છું, તમારી જાતોને ખ્રિસ્તી જીવન કેવી સચોટ રીતે જીવાવું જોઇએ તે રીતે જીવવા, બોલવા અને વર્તવા સમર્પિત કરો. જે જીવન આપણે જીવીએ છીએ તે જ સંદેશ આપણે આપણી આવનારી પેઢીને વહન કરીએ છીએ. આજની પેઢીએ એ સુનિશ્ચિત કરવું પડશે કે આવનાર પેઢી પ્રાચીન સીમાચિન્હો બાંધવાનું ચાલુ રાખે. ઉત્પતિનો નિયમ જણાવે છે કે આપણે આપણી જાતનું પ્રજજન કરીએ છીએ-આપણે જે છીએ તેવું પ્રજજન આપણે કરીએ છીએ.

હું આશા રાખું છું કે કે હું નવી પેઢીના યુવાનો સાથે વાત કરું અને તેમના મનોમાં જે વિચારોનું યુદ્ધ ચાલી રહ્યું છે, સારુ અને ખોટું પારખવાની વિમાસણ ચાલી રહી છે તેને કેવી રીતે બદલી શકાય તે અંગે શિક્ષણ આપું. હું આશા રાખું છું કે કે હું નવી પેઢીના યુવાનો સાથે વાત કરું અને શીખવી શકું કે પ્રાચીન સીમાચિન્હોની મર્યાદામાં કેવી રીતે રહેવું. હું આશા રાખું છું કે કે હું નવી પેઢીના યુવાનો સાથે વાત કરું અને શીખવું કે બળવો કે ઉત્પાતના અવાજ વિના (આબ્સાલોમે જે ભૂલ કરી તેવી ભૂલ ફરી ના કરતાં) મશાલ યોગ્ય રીતે કેમ મેળવવી. પરંતુ તેમનો પ્રતીભાવ એવો કઇક હશે કે જેને આપણે, હાલની પેઢી, પોતાના ઉદાહરણ દ્વારા, પ્રાચીન સીમાચિન્હોની હદમાં જીવીને, આકાર આપી શકે.

દેવમાં ઊંડે અને ઊંચે જાઓ, પણ જે પ્રાચીન સીમાચિન્હો દેવે સ્થાપિત કર્યા છે તેનું ઉલ્લંઘન કરતાં નહિ!

# ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ્સ ચર્ચ પોતાની સ્થાનિક મંડળીની સરહદો વટાવી સમગ્ર ભારતના ખ્રિસ્તી સમુદાયને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, સેવાઓ આપે છે. વિશેષ સેવાઓ જેવી કે, (૧) આગેવાની મજબૂત કરવી, (૨) યુવાનોને સેવા માટે સંપન્ન કરવા, અને (૩) ખ્રિસ્તના શરીર, મંડળીને બાંધવી. વર્ષ દરમ્યાન યુવાનો માટે તાલીમ શિબિરો અને ખ્રિસ્તી આગેવાનો માટે પરિષદોનું આયોજન કરવામાં આવે છે. વધારામાં, વિશ્વાસીઓને વચનમાં અને આત્મામાં મજબૂત કરવાનાં હેતુસર અસંખ્ય પ્રકાશનોનું અંગ્રેજીમાં અને ભારતની અન્ય ભાષાઓમાં મફત વિતરણ કરવામાં આવે છે.

અમે આપને અમારી સેવામાં સહભાગીદર થવા આમંત્રિત કરીએ છીએ. આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન સ્વરૂપે આપી શકો છો. આપના દ્વારા આપવામાં આવેલ નાનામાં નાના દાનની અમે કદર કરીએ છીએ જે અમારી ભારતભરની સેવાઓમાં મદદરૂપ બનશે.
આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન ચેક કે બેન્ક ડ્રાફ્ટ “ઓલ પીપલ ચર્ચ, બેંગ્લોર” ના નામે અમારા કાર્યાલયના સરનામા પર મોકલી શકો છો. આપ આપનો નાણાકીય સહયોગ નીચે દર્શાવેલ બેન્કની વિગત પર સીધા અમારા ખાતામાં જમા પણ કરાવી શકો છો.

Account Name: All Peoples Church

Account Number: 0057213809

IFSC Code: CITI0000004

Bank: Citibank N.A., No. 5, M.G. Road, Bengaluru, Karnataka 560001

વિશેષ નોધ: ઓલ પીપલ ચર્ચ ફક્ત ભારતીય બૅંકના ખાતા દ્વારા નાણાં સ્વીકારી શકે છે. જ્યારે આપ દાન આપો છો ત્યારે, આપ દર્શાવી શકો છો કે તે દાન ઓલ પીપલ ચર્ચની સેવાઓ પૈકી કયા હેતુસર મોકલવામાં આવ્યુ છે. વધુ જાણકારી માટે કૃપા કરી અમારી વેબ સાઇટ apcwo.org/give ની મુલાકાત લેવા નમ્ર અરજ કરીએ છીએ.

વધુમાં, અમોને અને અમારી સેવાઓને તમારી પ્રાર્થના યાદ રાખશો. આભાર અને પ્રભુ તમને આશીર્વાદિત કરે!

# FREE BOOKS

A Church in Revival*
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks*
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change*
Code of Honor
Divine Favor*
Divine Order in the Citywide Church
Don’t Compromise Your Calling*
Don’t Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God’s Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God*
God Is a Good God
God’s Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife*
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses-Don’t Take Them
Open Heavens*
Our Redemption
Receiving God’s Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith *
The Conquest of the Mind
The Father’s Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus *
The Night Seasons of Life
The Power of Commitment*
The Presence of God
The Redemptive Heart of God
The Refiner’s Fire
The Spirit of Wisdom, Revelation and Power*
The Wonderful Benefits of speaking in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different*
Who We Are in Christ
Women in the Workplace
Work Its Original Design

ઉપર દર્શાવેલ અમારા પ્રકાશનો અમારી વેબ સાઇટ apcwo.org/publications. પરથી વિનામુલ્યે ડાઉનલોડ થઈ શકે છે. ઘણા પ્રકાશનો અન્ય ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે. આપની જરૂરિયાત મુજબના પ્રકાશનો માટે કૃપા કરી bookrequest@apcwo.org પત્ર દ્વારા મંગાવી શકો છો.

*ફક્ત pdf ફોર્મેટ જ ઉપલબ્ધ

આપ અમારી વેબ સાઇટ apcwo.org/sermons. દ્વારા ઑડિયો/વિડીયો તથા ઉપદેશ નોંધ વગેરે મેળવી શકો છો.

# ઓલ પીપલ્સ ચર્ચ વિષે.......

ઓલ પીપલ્સ ચર્ચ (APC)નું દર્શન છે કે બંગલોર શહેરમાં મીઠું તથા પ્રકાશ અને ભારત અને વિશ્વના દેશો માટે અવાજ બનવું.

ઈશ્વરના વચન સાથે કોઈપણ જાતના સમાધાન કર્યા સિવાય સંપૂર્ણ સ્વરૂપે પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને નિર્દિષ્ટ કરવા APC(ઓલ પીપલ્સ ચર્ચ) સમર્પિત છે. અમે માનીએ છીએ કે સારું સંગીત, સર્જનાત્મક રજૂઆત, વિદ્વાન માફી, સમકાલીન સેવાકીય તકનીકી પધ્ધતિઓ, નવીનત્તમ તકનિક અને અન્ય દ્વારા ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારો અને પવિત્ર આત્માના કૃપાદાનો ક્યારેય પવિત્ર આત્માના સામર્થ્યમાં વચનને પોકારવાની ઈશ્વર દ્વારા સ્થાપિત પધ્ધતિને બદલી શકે નહીં. (૧ કોરોન્થી ૨:૪, ૫; હિબ્રુ ૨:૩,૪). અમારો મુદ્દો ઇસુ છે, અમારી સામગ્રી ઈશ્વરનું વચન છે, અમારી પધ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારું ઝનૂન નાશમાં જતાં લોકો છે, અમારો ધ્યેય ઇસુ સમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકસહિત ભારતમાં અન્ય ઘણા સ્થળોએ ઓલ પીપલ્સ ચર્ચની શાખાઓ આવેલી છે. ઓલ પીપલ ચર્ચની સેવાઓ તથા સ્થળોની માહિતી માટે અમારી વેબ સાઇટ www.apcwo.org/locations સંપર્ક કરી શકો છો અથવા contact@apcwo.org પર પત્ર લખી શકો છો.

# શું તમે જાણો છો દેવ તમને પ્રેમ કરે છે?

૨૦૦૦ વર્ષ પેલા આ જગતમાં પ્રભુ માણસ બનીને આવ્યા, તેઓ સંપૂર્ણ અને નિષ્કલંક જીવન(પાપરહિત) જીવ્યા. ઇસુ પોતે શરીરમાં ઈશ્વર હતા તેથી તેમણે જે કહયુ ને કર્યું તે દરેક આપણને પ્રગટ કર્યું છે. જે શબ્દો તે બોલ્યા તે દેવના ખરા શબ્દો હતા. જે કૃત્યો તેમણે કર્યા તે દર્શાવે છે કે ઈશ્વર કાર્યરત છે. ઇસુએ આ જગતમાં ઘણા ચમત્કારો કર્યા, તેમણે માંદાઓને સાજા કર્યા, અને દુ:ખીઓના દુ:ખ મટાડ્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓને સાંભળતા કર્યા. બોબડાઓને બોલતા કર્યા અને લંગડાઓને ચાલતા કર્યા. અનેક રોગીઓને તેઓના રોગોમાથી સાજા કરી છુટકારો આપ્યો.

**આ બધા જ પ્રકારના કાર્યો દ્વારા ઈશ્વર આપણને એ રીતે પ્રગટ થાય છે કે ઈશ્વર ભલા છે અને તેઓ આપણે સાજા, તાજા, તંદુરસ્ત અને આનંદમય જોવા માંગે છે. દેવ લોકોની જરૂરિયાતો પૂરી પાડવા માંગે છે અને પૂરી પાડે છે.**

પ્રશ્ન એ ઉભો થાય છે કે ઈશ્વરે શા માટે માણસ બનીને પૃથ્વી પર આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આ જગતમાં આવ્યા?

જે ઈશ્વરે આપણને બનાવ્યા હતા તે જ ઈશ્વરની વિરુદ્ધમાં અને તેમને સ્વીકાર્ય ન હોય તેવા કાર્યો આપણ સર્વેએ કર્યા અને આપણે સઘળાએ પાપ કર્યા. પાપ તેનું એક કારણ બની ગયું. પાપ આપણી અને ઈશ્વરની વચ્ચે ઓળંગી ન શકાય તેવી દિવાલ બની ગયું. પાપ આપણને ઈશ્વરથી વિખૂટા પાડી દે છે. પાપ આપણને ઈશ્વરને કે જેણે આપણને સૃજયા છે તેમને ઓળખળતા અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. તેથી આપણાંમાના ઘણા બધા અન્ય બાબતોથી ખાલી જ્ગ્યા ભરવા માટે પ્રયત્ન કરીએ છીએ. પાપનું બીજું એક પરિણામ છે કે તે આપણને અનંતકાળીક રીતે ઈશ્વરથી અલગ કરે છે. ઈશ્વરની અદાલતમા પાપનો દંડ માત્ર મૃત્યુ છે. મૃત્યુ આપણને સદાને માટે ઈશ્વરથી અલગ કરે છે નર્કમાં લઇ જાય છે.

પરંતુ સુસમાચાર એ છે આપણે પાપથી છૂટકારો પામીને ઈશ્વર સાથે પુન:સ્થાપિત થઇ શકીએ છીએ. બાઇબલ કહે છે, "પાપનો મુસારો મરણ છે, પણ આપણાં પ્રભુ ઇસુ

ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે." (રોમન ૬:૨૩) ઇસુ જ્યારે વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર માનવજાતના પાપોને માટે કિંમત ચૂકવી. ત્યારબાદ, તેઓ ત્રણ દિવસ પછી પાછા ઉઠ્યા, ઘણા બધાને બતાવ્યુ કે તેઓ જિવંત છે અને સ્વર્ગમાં પાછા જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને કરુણાના ઈશ્વર છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈ વ્યક્તિ નાશ પામે અને નરકમાં જાય. જેથી કરીને તેઓ પૃથ્વી પર આવ્યા, અને સમગ્ર માનવજાતને માટે પાપથી અને તેના પરિણામોથી છૂટકારાનો માર્ગ પૂરો પાડ્યો. તેઓ પાપીઓને, મારા અને તમારા જેવા અનેકોને, પાપથી છોડાવવા અને અનંતકાળીક નાશથી બચાવવા આવ્યા.

પાપની મફત માફી મેળવવા માટે, બાઇબલ કહે છે તે મુજબ આપણે માત્ર એક જ બાબત કરવાની છે-ઇસુ ખ્રિસ્તે વધસ્તંભ પર જે મરણ સહન કર્યું તે સ્વીકારીએ અને પૂર્ણ હ્રદયે તેના પર વિશ્વાસ કરીએ.

. **...જે કોઈ તેના નામ પર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે." (પ્રે.કૃ. ૧૦:૪૩)**

**"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેણે મુએલામાથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ, તો તું તારણ પામીશ." (રોમન ૧૦:૯)**

જો તમે ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખો તો, તમે પણ માફી મેળવીને તમારા પાપોથી શુધ્ધ થઈ શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવામાં અને તેઓએ વધસ્તંભ પર તમારા માટે જે કર્યું તે અંગેનો નિર્ણય લેવામાં

મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને તમારા વિશ્વાસને પ્રમાણિત કરવા મદદરૂપ થશે કે ઇસુએ તમારા માટે વધસ્તંભ પર પાપથી છોડાવવા અને શુધ્ધ કરવા કેવું અદભૂત કાર્ય કર્યું છે. પ્રાર્થના માત્ર તમને માર્ગદર્શન માટે જ છે. તમે તમારા પોતાના શબ્દો અને ભાવના વાપરીને પણ પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, આજે, મને સમજાયું છે કે તમે મારા માટે વધસ્તંભ પર કેવું અદભૂત કાર્ય કર્યું છે. મારા માટે મૃત્યુ પામ્યા, તમારુ મૂલ્યવાન રક્ત વહેવડાવ્યું અને મારા પાપોને માટે કિંમત ચૂકવી કે જેથી મને માફી મળે. બાઇબલ મને જણાવે છે કે જે કોઇ તમારા પર વિશ્વાસ કરે છે તેઓ તેમના પાપોથી મુક્તિ મેળવે છે.*

*આજે, હું નિર્ણય કરું છુ કે હું તમને પ્રભુ તરીકે સ્વિકારુ છુ અને તમે મારા માટે વધસ્તંભ ઉપર મૃત્યુ પામ્યા અને મરણમાંથી સજીવન થયા એવો વિશ્વાસ કરું છુ. હું જાણું છુ કે હું મારા સારા કાર્યોથી મારો બચાવ કરી શકતો નથી કે અન્ય કોઈ વ્યક્તિ મને બચાવી શકે એમ નથી. હું મારા પાપોની માફી માટે અન્ય કોઇ ઉપાય કરી શકતો નથી.*

*આજે, હું મારા હ્રદયમાં વિશ્વાસ કરું છુ અને મારા મોંઢાથી કબુલ કરું છુ કે તમે મારા માટે મૃત્યુ પામ્યા, તમે મારા પાપોની માફીને માટે કિંમત ચૂકવી, તમે મારા માટે મૃત્યુમાથી સજીવન થયા, અને તમારા પરના મારા વિશ્વાસે કરીને મને પાપોની માફી અને શુધ્ધતા મળી છે.*

*ઇસુ પ્રભુ તમારો આભાર, તમને પ્રેમ કરવામાં, તમને વધુ ઓળખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવામાં મને મદદરૂપ થજો. આમેન.*


## DOWNLOAD THE FREE APP!


*Search for*

"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play




*A daily 5-minute video devotional.*
*A daily Bible reading and prayer guide.*
*5-minute Sermon summary.*
*Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.*
*Resources with sermons, sermon notes, TV programs, books, music and more.*

*IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!*

# ઓલ પીપલ્સ ચર્ચ
## બાઇબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર (APC-BC), દ્વારા ભારતના બેંગલોર શહેર ખાતે, આત્માથી ભરપૂર, અભિષિક્ત, હાથવગી તાલીમ, પવિત્ર આત્માની અલૌકિક શક્તિની સાથે સાથે સૈધ્ધાંકિત નિપૂણતા અને વૈચારિક ઉત્તેજના વડે સેવાને સમૃધ્ધ કરવા ઈશ્વરના વચનોનો અભ્યાસ પૂરો પાડવામાં આવે છે. અમે માનીએ છીએ કે વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે ઈશ્વરના ગુણો તાદ્રશ્ય કરે તેવા, વચનમાં ઊંડે સુધી મૂળ નાંખેલા, ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારોને શક્તિશાળી રીતે પ્રદર્શિત કરે – આ બધી જ બાબતો ઈશ્વર સાથેના ગાઢ સંબંધમાં વહેતી થાય.

APC-BC ખાતે, નિપૂણ શિક્ષણની સાથે સાથે, અમે એ બાબત પર ખાસ ભાર મૂકીએ છીએ કે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવામાં આવે, પવિત્ર આત્માની હાજરી અને ઈશ્વરના સર્વશક્તિમાન કાર્યો અભિષિક્ત થાય. અસંખ્ય યુવા ભાઇઓ અને બહેનોને તાલીમ આપીને મોકલવામાં આવ્યા છે કે જેથી તેઓ તેમના જીવનમાં ઈશ્વરીય તેડાને પુર્ણ કરી શકે.

અમે ત્રણ પ્રકારના કાર્યક્રમો ચલાવીએ છીએ:
ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં એક વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ (C.Th)
ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં બે વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ (Dip.Th)
ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં ત્રણ વર્ષનો સ્નાતક અભ્યાસક્રમ (B.Th)

સોમવાર થી શુક્રવાર ૯:00 થી ૧:00 દરમ્યાન દરરોજ વર્ગો ચલાવવામાં આવે છે. બહારથી અભ્યાસ કરતાં, કાર્યરત વ્યવસાયીઓ અને ગૃહસ્થો પણ તેઓના કામ પૂરા કર્યા બાદ ૧:૦૦ વાગ્યા પછી વર્ગોમાં હાજરી આઓઇ શકે છે અને અભ્યાસ ચાલુ રાખી શકે છે. જેઓ રહેવાસી વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરવા માંગે છે તેવા પુરુષો અને બહેનો માટે અલગ અલગ છાત્રાલયોની વ્યવસ્થા છે. સપ્તાહના ચાલુ દિવસો દરમ્યાન, ૨:૦૦ થી ૫:૦૦ દરમ્યાન વિદ્યાર્થીઓ ફિલ્ડ વર્ક, વિશેષ શિબિરોમાં, બપોર પછીના પ્રાર્થના અને સ્તુતિના કાર્યક્રમોમાં ભાગ લે છે. જેઓ બહારથી અભ્યાસ કરે છે તેવા વિદ્યાર્થીઓએ માટે બપોર પછીના સેશન વૈકલ્પિક રાખવામા આવ્યા છે. શનિવાર અને રવિવારની સ્થાનિક મંડળીઓમાં સેવા આપવા માટે ઉતેજન આપવામાં આવે છે. કોલેજ, અભ્યાસક્રમ, યોગ્યતા, અભ્યાસનો ખર્ચ વિગેરે માહિતી માટે અને અરજી કરવા માટે કૃપા કરી www.apcwo.org/biblecollege. ની મુલાકાત લેશો.

“પ્રાચીન સીમાચિન્હો” એ એક સંદેશ છે જે કેટલાક સમયથી મારા હ્રદયમાં હતો, જે હવે હું આપની સમક્ષ આ પુસ્તકનાં સ્વરૂપમાં મૂકું છું. આ એ પ્રકારનો સંદેશો છે જે સામાન્ય રીતે, રિલે રેસમાં એક રમતવીર તેનો બેટન(દંડૂકો) બીજાને આપે છે જેથી પોતાની ટીમ સ્પર્ધામાં આગળ વધી શકે, તે રીતે, હું જ્યાથી સ્પર્ધામાથી બહાર નીકળું ત્યાથી નવી પેઢી તેને આગળ ધપાવી શકે.

વિશ્વ બદલાઈ રહ્યું છે. જે ગઇકાલે થઈ શકતું હતું, તે આજે કદાચ ન થઈ શકે! આપણે નવા વિશ્વને સ્વીકારી લેવાની જરૂર છે. નવા વિશ્વની સંસ્કૃતિના ભાગરૂપ જે ચિન્હો અને ભાષા છે તેનો ઉપયોગ કરીને આપણે સનાતન સત્યને રજૂ કરવાનું છે. અને છતાં આમ કરવું ખતરનાક છે જે અંગે આપણે સાવધાન રહેવાની જરૂર છે. કોઈ સંસ્કૃતિમાથી બાબતોને ગમે તે રીતે લઈને આપણે સત્યનું વહન કરી શકી નહીં. નવા વિશ્વની સંસ્કૃતિનો ઉપયોગ કરીને તેને કામે લગાડવાના આપણાં પ્રયત્નોમાં આપણે આપણાં પ્રાચીન સીમાચિન્હો સાથે કોઈ સમાધાન કરી શાઈકે નહીં.

કેટલાક પવન એ પ્રકારના ફૂંકાઈ રહ્યા છે જેમાં આપણે ગોઠવાઈ જવાનું છે અને પવન આપણને જ્યાં લઈ જાય ત્યાં જવાનું સ્વીકારી લેવાનું છે, જો એમ ન કરીએ તો આપણે પાછળ છૂટી જઈશું અને નવા વિશ્વથી વિખૂટા પડી જઈશું. અને પરિવર્તનના કેટલાક પવન એવી દિશામાં ફૂંકાઈ છે જે આપણને પવિત્ર સરહદો પાર કરવા અને દેવની સ્થાપિત પ્રણાલિકાઓ ગુમાવી દેવા મજબૂર કરે છે. પ્રાચીન સીમાચિન્હોનો ઉપયોગ કરીને, તોફાનમાં પણ લંગર નાખીને આપણે પરિવર્તનના આ પવનથી કેમ બચી જવું તે શીખવું પડશે.

**All Peoples Church & World Outreach**
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org